" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 213 | AD - 2026, Vaishakh Vad - 08 | Sunday, Dt. 10-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સોમનાથ

सोमलिङ्गं नरो दृष्ट्वा सर्वपापैः प्रमुच्यते।
लभते फलं मनोवाञ्छितं मृतः स्वर्गं समाश्रयेत्॥

## સોમનાથ
### વિરાસતના ૭૫ વર્ષ

સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે

૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવન ભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદ્ઘોષ કરી રહી છે



### આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો

**મુખ્ય કાર્યક્રમો**

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ
સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન | સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

"સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે."
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

"સોમનાથની પવિત્ર ભૂમિ પર 'વિરાસતના ૭૫ વર્ષ'ની ઉજવણી આપણી સનાતન શક્તિ અને અતૂટ રાષ્ટ્રીય સંકલ્પના વિજયનું જીવંત પ્રતિબિંબ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી



સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઇતિહાસનો ભાગ બનો.
સ્કેન કરો.

## અમરેલી જિલ્લાના લોકો માટે હર્ષ સાથે ગૌરવની ક્ષણ

# સેવાના ભેખધારી વસંતભાઈ મોવલીયાનું અદકેરૂ સન્માન કરાશે

**સોમવારે યોજાનાર કાર્યક્રમમાં તમામ લોકોએ સહપરિવાર સાથે હાજર રહેવા આર્ટ ઓફ લિવિંગ પરિવારની અપીલ**

અમરેલી,તા.૦૯

સમાજસેવાના ભેખધારી અને વર્ષોથી વિવિધ સંસ્થાઓના માધ્યમથી માનવતાની મહેક ફેલાવનારા વસંતભાઈ મોવલિયાના પરિચયની કોઈ જરૂર નથી. વસંતભાઈ મોવલિયાની નિઃસ્વાર્થ સેવા, અતૂટ સમર્પણ અને લોકકલ્યાણના કાર્યોની વૈશ્વિક સ્તરે નોંધ લેવાઈ છે. આ ગૌરવશાળી ક્ષણે 'ધ આર્ટ ઓફ લિવિંગ' સંસ્થા દ્વારા તેમને પ્રતિષ્ઠિત "Unsung Everyday Heroes



Award" થી સન્માનિત કરવામાં આવનાર છે, જે સમગ્ર અમરેલી જિલ્લા માટે અત્યંત હર્ષ અને ગૌરવની બાબત છે.આ રૂડા અવસરે વસંતભાઈ મોવલિયાના સેવાકીય ઉત્સાહને વધારવા અને તેમને અભિનંદન પાઠવવા માટે આપ સૌ નગરજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આપની પ્રેરણાદાયી ઉપસ્થિતિ આ સમારોહની શોભામાં અભિવૃધ્ધિ કરશે. આવતીકાલ સોમવાર, ૧૧ મે ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૧૫ કલાકે ચિત્તલ રોડ પર આવેલા પંચવટી પાર્ટી પ્લોટ ખાતે આ ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા આપ સૌ સહપરિવાર પધારી આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ઉમેશ દુધાત અને આર્ટ ઓફ લિવિંગ પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનું ધોરણ ૧૦ અને ૧૨ નું ઝળહળતું પરિણામ

ચલાલા,તા.૦૯

ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયે ધોરણ ૧૦માં ૮૮.૮૬% અને ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ)માં ૯૦.૩૨% પરિણામ મેળવીને ઝળહળતી સિધ્ધિ હાંસલ કરી છે.

પૂ. રતિદાદાના આશીર્વાદ અને મહેશભાઈ મહેતાના નેતૃત્વ હેઠળ મેળવેલી આ સફળતામાં ધોરણ ૧૦માં વરુ સેજલ (૯૫.૨૬%), માંગરોળીયા એશ્વી અને જેબલિયા આહુતિએ પ્રથમ ત્રણ ક્રમ મેળવ્યા છે, જ્યારે ધોરણ ૧૨માં બસિયા પરમેશ્વરી (૮૯.૯૬%), ધાખડા શ્રધ્ધા અને શેખવા સિંધ્યાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી સંસ્થાનું નામ રોશન કર્યું છે. મહેશભાઈએ આ સફળતાનો શ્રેય વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષકોના માર્ગદર્શનને આપ્યો છે. વધુમાં, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેમાં LKG થી ૮ સુધી સહ-શિક્ષણ અને ધોરણ ૯ થી ૧૨માં માત્ર દીકરીઓ માટે હોસ્ટેલ સુવિધા સાથે પ્રવેશ ઉપલબ્ધ છે. રસ ધરાવતા વાલીઓએ ધારી રોડ સ્થિત વિદ્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

# સા.કુંડલામાં ટ્રસ્ટ દ્વારા સંચાલિત વરીયાળી શરબત કેન્દ્રનો લાભ લેતા નાગરીકો

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા પંથકમાં હાલ આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવી કાળઝાળ ગરમીની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી રહ્યો છે, ત્યારે શહેરના નવા બસ સ્ટેન્ડ પાસે છેલ્લા ૫ વર્ષથી કાર્યરત 'ઉષાબેન દિનેશભાઈ શાહ વરિયાળી




શરબત કેન્દ્ર' લોકો માટે સાચા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. દિનેશચંદ્ર બાલચંદ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સેવાકીય યજ્ઞમાં દરરોજ ૪૫૦૦થી વધુ નાગરિકો વરિયાળી અને લીંબુના શરબતથી પોતાની તરસ છિપાવી રહ્યા છે. આયુર્વેદિક દ્રષ્ટિએ વરિયાળી, લીંબુ, સાકર અને ફુદીનો ગુણમાં અત્યંત ઠંડા હોવાથી તે શરીરને લૂ અને ડિહાઈડ્રેશનથી બચાવવામાં અત્યંત મદદરૂપ બને છે. ટ્રસ્ટના પ્રમુખ મિલનભાઈ દોશી, નિયામક પરાગભાઈ ત્રિવેદી તથા સ્વયંસેવકો દ્વારા આ કેન્દ્રનું સુચારૂ સંચાલન કરવામાં આવે છે.

# અમરેલી કુંકાવાવ રોડ ભંગારના ઢગલામાં આગ લાગતા ફાયર વિભાગે કાબુ મેળવ્યો

અમરેલી,તા.૦૯

અમરેલીના કુકાવાવ રોડ પર સ્થિત ભારતનગર વિસ્તારમાં તા.૦૯ના રોજ બપોરે ૧૪:૫૦ કલાકે વેસ્ટ ચંપલના ભંગારના ઢગલાઓમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ બનાવની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાની હેઠળ તાત્કાલિક કાફલો ઘટનાસ્થળે રવાના થયો હતો. આગની ગંભીરતા અને જ્વાળાઓને જોતા તંત્ર દ્વારા તાબડતોબ વધારાના ત્રણ ફાયર ફાઈટર વાહનો બોલાવવામાં આવ્યા હતા. પ્લાસ્ટિક અને રબરના જથ્થાને કારણે આગ ઝડપથી પ્રસરી રહી હતી,ફાયર સ્ટાફ દ્વારા સતત ત્રણ કલાક સુધી ફોમનો મારો ચલાવીને આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં



આવી હતી. આ કપરી કામગીરીમાં હિંમતભાઈ બાંભણિયા, પ્રવીણભાઈ ચૌહાણ, નિલેશભાઈ સાનિયા, રણજીતભાઈ સગર, કમલેશભાઈ જોશી, કૃષ્ણભાઈ ઓળકિયા, સવજીભાઈ ડાભી અને હર્ષભાઈ ચાવડા જેવા નિષ્ઠાવાન કર્મચારીઓએ ખડેપગે સેવા આપી હતી. સદનસીબે આ ભયાનક દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી, જેનાથી સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# જિલ્લામાં એક મહિલા સહિત ૭ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો






અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં પોલીસની કડક કાર્યવાહી થતા બુટલેગરો બેફામ બન્યા છે. હવે તો દારૂ બનાવવામાં મહિલાઓ પણ પુરૂષ સમોવડી બની છે.

જેમાં અમરેલી જિલ્લામાં એક મહિલા સહિત ૭ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. તમામ લોકો પાસેથી મળીને ૧૮ લીટર દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૬ લોકો પાસ પરમીટે કેફીપીણું પીધેલ હાલતમાં ફરતા પકડાયા હતા.

**પોલીસે તમામ સામે પ્રોહિબિશનનો ગૂનો નોંધ્યો**

# બગસરા એસ.ટી.ડેપો દ્વારા મુસાફરો માટે છાશનું વિતરણ

બગસરા,તા.૦૯

બગસરા એસ.ટી. ડેપો ખાતે ડેપો મેનેજર નિમિષાબા ગઢવીના માર્ગદર્શન હેઠળ એક પ્રશંસનીય સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. હાલમાં પડી રહેલી ગરમીમાં મુસાફરોને રાહત આપવાના હેતુથી એસ.ટી. કર્મચારીઓ દ્વારા ઠંડી છાશનું વિતરણ કરવામાં



આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા મુસાફરોની જઠરાગ્નિ ઠારવાનો પ્રયાસ કરાયો હતો. બગસરા ડેપોની આ કામગીરીને તમામ મુસાફરોએ હૃદયપૂર્વક બિરદાવી હતી.

## નામ બદલાવેલ છે

આથી અમો નીચે સહી કરનાર વિક્રમભાઈ રણછોડભાઈ સોજીત્રા તેમજ મમતાબેન વિક્રમભાઈ સોજીત્રા જાહેર કરીએ છીએ કે, પહેલા અમારી પુત્રી નુ નામ સોજીત્રા સાક્ષી વિક્રમભાઈ હતુ, જે બદલાવીને નવુ નામ સાક્ષી વિક્રમભાઈ સોજીત્રા કરેલ છે, હવેથી અમારી પુત્રી નુ નામ સાક્ષી વિક્રમભાઈ સોજીત્રા તરીકે ઓળખાશે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામુ : પટેલ લાઈન, સુરગપરા, મું.વડીયા તા.કુંકાવાવ જી.અમરેલી પીન નં.૩૬૫૪૮૦

સહી કરનાર
વિક્રમભાઈ રણછોડભાઈ સોજીત્રા
મમતાબેન વિક્રમભાઈ સોજીત્રા

## //એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૩૩/૨૦૨૬

અરજદાર :- શ્રી રસીદાબેન કરીમભાઈ કુરેશી
રહે.રોશન મસ્જીદ પાસે, સંધી સોસાયટી,
અમરેલી. જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં રસીદાબેન કરીમભાઈ કુરેશી તેમના પુત્રી શહેનાઝ કરીમભાઈ કુરેશી નો જન્મ (તા.૧૪/૦૫/૧૯૭૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર









## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૯૨/૨૦૨૬

અરજદાર :- શ્રી સેંજલીયા મયુર કનુભાઈ
રહે.રાજસ્થળી, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.રાજસ્થળી, તા.જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રાજસ્થળી ગામમાં અરજદાર શ્રી સેંજલીયા મયુર કનુભાઈ તેઓના નાના ભાઈ મેહુલભાઈ રમણીકભાઈ સેંજલીયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય




# રેલ્વેના પ્રશ્નોને લઈ સાંસદ ભરતભાઈ સુતરીયાની રેલ અધિકારીઓ સાથે બેઠક


અમરેલી,તા.૦૯



અમરેલી કલેકટર કચેરી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં રેલવે વિભાગના અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ અમરેલી શહેર અને આસપાસના વિસ્તારોમાં રેલવેને લગતા પડતર પ્રશ્નો અને ખાસ કરીને અન્ડરપાસમાં સ્થાનિકોને પડતી હાડમારીઓનો કાયમી ઉકેલ લાવવાનો હતો. બેઠકમાં શહેરના કેરિયા રોડ, લીલીયા રોડ અને હનુમાનપરા વિસ્તારોના અન્ડરપાસમાં પાણી ભરાવા કે અવરજવરમાં પડતી મુશ્કેલીઓ અંગે ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત શેડુભાર અને ખીજડીયા-રાદડીયા અન્ડરપાસના ચાલી રહેલા વિકાસકામોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી તેમાં નડતા અવરોધો દૂર કરવા રજૂઆત કરાઈ હતી. સાંસદે જનસુરક્ષાને પ્રાધાન્ય આપતા સ્પીડ બ્રેકર બનાવવા અને ટ્રાફિક વ્યવસ્થા સુધારવા સૂચના આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રજાની સુખાકારી માટે રેલવેના તમામ વિકાસલક્ષી કાર્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે અનિવાર્ય છે. રેલવે વિભાગના અધિકારીઓએ આ તમામ પ્રશ્નોને પ્રાથમિકતા આપી ઝડપી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# ધારીના જીરા ગામે ફાર્મહાઉસમાં દીપડી ઘુસતા પાંજરે પુરવામાં આવી


ધારી,તા.૦૯



ધારી તાલુકાના જીરા ગામમાં રમેશભાઈ સેજપાલની વાડીમાં બની રહેલા એક ફાર્મહાઉસમાં અચાનક દીપડી ઘૂસી આવતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ત્યાં કામ કરી રહેલા મજૂરોએ અપ્રતિમ હિંમત અને સૂઝબૂઝ બતાવી હતી. દીપડીને જોતા જ મજૂરોએ તેને યુક્તિપૂર્વક બાથરૂમમાં ધકેલી દીધી હતી અને બહારથી દરવાજો બંધ કરી દીધો હતો. આ તાત્કાલિક કાર્યવાહીને કારણે કોઈ જાનહાનિ થઈ નહોતી અને એક મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતા જ દલખાણીયા રેન્જ વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. વન વિભાગના કર્મચારીઓએ સમગ્ર ફાર્મહાઉસને ચારે તરફથી કોર્ડન કરી લીધું હતું. ત્યારબાદ બાથરૂમમાં પુરાયેલી દીપડીને સુરક્ષિત રીતે ટ્રાન્ક્યુલાઈઝ કરીને બેહોશ કરવામાં આવી હતી. દીપડી બેભાન થયા બાદ તેને સાવચેતીપૂર્વક પાંજરે પૂરવામાં આવી હતી અને વધુ તપાસ માટે એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવી છે. વન વિભાગની આ સફળ અને સમયસરની કામગીરીને પગલે સ્થાનિક રહેવાસીઓએ અને વાડી માલિકે રાહતનો શ્વાસ લીધો હતો.

# સા.કુંડલાના વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે સિધ્ધી મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો

સાવરકુંડલા,તા.૦૯



સાવરકુંડલામાં શૈક્ષણિક સંસ્થા સેન્ટ થોમસ સ્કૂલના વિદ્યાર્થીઓએ રમત ગમત ક્ષેત્રે સિધ્ધિ મેળવી રાજ્ય કક્ષાએ શાળાનું ગૌરવ વધાર્યું હતું. ગીર સોમનાથ જિલ્લા ખાતે યોજાયેલ ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપમાં શાળાના ૬ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. સાવરકુંડલામાં સેન્ટ થોમસ સ્કૂલમાં કરાટેની કઠિન અને સ્પર્ધાત્મક ટૂર્નામેન્ટમાં તમામ વિદ્યાર્થીઓએ પોતાની કળા, શિસ્ત અને આત્મવિશ્વાસનો પરિચય આપી મેડલ્સ હાંસલ કર્યા હતા. જેમાં રૂપારેલ ભવ્યએ પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે મશરૂ ભાવના, વાળા દિવિત, બગડા જૈનિશા, રાઠોડ આન્યા અને મેર રુદ્રએ દ્વિતીય ક્રમાંક મેળવી સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની આ સફળતાનો શ્રેય શાળા પરિવાર, માતા પિતા તેમજ પોતાના કોચ સેન્સેઈ વત્સલ પરમારને આપ્યો હતો.

# ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકીયાના પુત્રના જન્મદિનની અનોખી ઉજવણી


અમરેલી,તા.૦૯



લાઠીના સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયાના પુત્ર દ્રવ્યભાઈ ધોળકિયાના જન્મદિવસની ઉજવણી પરંપરાગત ભપકાને બદલે સેવાકીય અને પર્યાવરણલક્ષી કાર્યો દ્વારા કરવામાં આવી હતી. આ મંગલમય દિવસની શરૂઆત આધ્યાત્મિક વાતાવરણમાં નૂતન મંદિરના નિર્માણ માટે વિધિવત ખાતમુહૂર્ત કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ દ્રવ્યભાઈએ ગૌશાળાની મુલાકાત લઈને ગાયોને ભાવપૂર્વક લાડુનું નૈવેદ્ય અર્પણ કરી જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# પાંચ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડતી સાવરકુંડલા પોલીસ

સાવરકુંડલા,તા.૦૯



અમરેલી જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી દ્વારા ગંભીર ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે આપવામાં આવેલી કડક સૂચનાઓના પગલે સાવરકુંડલા ટાઉન પોલીસ એક્શનમાં આવી હતી. આ દરમિયાન પોલીસની સર્વેલન્સ ટીમને મળેલી બાતમીના આધારે જેસર રોડ પર આવેલી ગીતાંજલિ સોસાયટીમાં રહેતા મનીષ દુર્લભજીભાઈ હરસોરાને પકડી પાડવામાં આવ્યો છે. ૪૫ વર્ષીય આ આરોપી અમદાવાદની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના ક્રિમિનલ કેસ હેઠળના સજા વોરંટના કામે છેલ્લા પાંચ વર્ષથી પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો. સાવરકુંડલા પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડુંગરમાં રામ દરબાર આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ યોજાશે

રાજુલા,તા.૦૯

રાજુલા તાલુકાના ડુંગર ગામ સ્થિત શ્રી રામ દરબાર આશ્રમ ખાતે સીતારામ સેવા ગ્રુપ દ્વારા ૧૮ મે થી ૨૪ મે સુધી શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનું દૈનિક વાચન સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે, જેમાં શાસ્ત્રી હર્ષદભાઈ પી. દ્વારા ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવના મુખ્ય યજમાન તરીકે સ્વ. ભાવભાઈ સીદીભાઈ વાણીયા પરિવાર, ડુંગર સેવા આપી રહ્યો છે. ઉપરાંત અનેક દાતાઓ અને સેવાભાવી પરિવારોના સહયોગથી સમગ્ર આયોજનને ભવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે. કથા દરમિયાન પોથીયાત્રા, કપિલ જન્મોત્સવ, નરસિંહ મહોત્સવ, વામન મહોત્સવ, શ્રીરામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પૂજન, રુક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર સહિતના ધાર્મિક પ્રસંગો ઉજવાશે. ૨૪ મેના રોજ કથા વિરામ સાથે મહા પ્રસાદ અને પૂજનવિધિ પણ યોજાશે.

# ધો. ૧૦માં જનતા વિદ્યાલય-મોટા ગોખરવાળા શાળાનું ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં જાહેર થયેલા એસ.એસ.સી. બોર્ડના પરિણામમાં જનતા વિદ્યાલય-મોટા ગોખરવાળાએ ૧૦૦ ટકા પરિણામ મેળવી શૈક્ષણિક ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરી છે. શાળામાં પરીક્ષામાં બેઠેલા તમામ ૨૧ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થતા શાળા પરિવાર તેમજ ગ્રામજનોમાં આનંદની લાગણી વ્યાપી છે. ખાસ કરીને અમરેલી તાલુકાના લાપાળીયા ગામના ત્રણ વિદ્યાર્થીઓએ શાળામાં ટોપ-૩ સ્થાન મેળવી ગામનું નામ ગૌરવપૂર્ણ બનાવ્યું છે. શાળામાં પ્રથમ ક્રમે અઘેરા યશ જયંતીભાઈએ ૬૦૦માંથી ૫૨૮ ગુણ મેળવી સિધ્ધિ મેળવી હતી. દ્વિતીય ક્રમે અમરેલી યશ ચેતનભાઈએ ૬૦૦માંથી ૪૯૨ ગુણ પ્રાપ્ત કર્યા હતા.

જ્યારે તૃતીય ક્રમે માંડવીયા ધ્રુવી શૈલેષભાઈએ ૬૦૦માંથી ૪૮૫ ગુણ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



राष्ट्रीय मुक्त विद्यालयी शिक्षा संस्थान
National Institute of Open Schooling
100 % પાસ માન્ય સંસ્થા
LAKSHYA
ધો.10 અને 12 નાપાસ વિદ્યાર્થી ને પાસ થવા એક તક
NIOS બોર્ડ માં પરિક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવો અને
10 ને 12 પાસ કરી SI, ANM, GNM, BSC અને D PHARMA માં એડમિશન મેળવો
એડમિશન માટે
LAKSHYA EDUCATION
7043819956
બીજો માળ ટાઉન હોલ શોપિંગ સેન્ટર ભીડભંજન મંદિર સામે અમરેલી



કોલેજ GCAS રજીસ્ટ્રેશન
GCAS ફી ભરવી
ફોર્મ ફી ભરી અપાશે
રૂબરૂ પધારવા વિનંતી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad052


## અવસાન નોંધ

**દામનગર**

દામનગર રસુલભાઈ હસનઅલી વણાંક (ઉ.વ.૮૦) તે સૈફુદ્દીનભાઈ, મુર્તઝાભાઈ (રાજકોટ) તથા અબ્બાસભાઈના બાવાજી તા.૦૮-૦૫-૨૦૨૬ને જુમ્માના દિવસે વફાત થયા છે. મરહુમના જયારત- ફાતેહા તા.૧૦-૦૫-૨૦૨૬ને રવિવાર ના રોજ બપોરે : ૧૨-૦૦ કલાકે દામનગર મસ્જિદમાં રાખેલ છે.


સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
વિનાયક કોમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર | વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## //એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી. નં.૩૫/૨૦૨૬

અરજદાર :- શ્રી રોશનબેન ગનીભાઈ સુરૈયા
રહે.હારૂન મેન્શન, વાંઝા ગોર શેરી, મીર સાહેબની શેરી
કન્યા શાળા સામે, અમરેલી. જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહરેમાં રોશનબેન ગનીભાઈ સુરૈયા તેમના પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(કે.કે.દવે)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa | ડ્રીમ ફેમેલી સ્પા | Ladies & Gents
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બાજુમાં અમરેલી - 365601

# લીલીયા પોલીસે ગુમ થયેલ બાઈક મૂળ માલિકને પરત કરી

લીલીયા,તા.૦૯

પ્રજાની સુરક્ષા અને સેવાની સાથે 'તેરા તુજકો અર્પણ'ના મંત્રને સાર્થક કરતી લીલીયા પોલીસની પ્રશંસનીય કામગીરી સામે આવી છે. પોલીસે ગુમ થયેલ મોટર સાઈકલ શોધીને મૂળ માલિક ને પરત કરી છે.

ઘટના મુજબ, પાલીતાણાના પાંચપીપળા ગામના હરેશભાઈ બારડની મોટરસાઈકલ ગત ૦૬/૦૫/૨૦૨૬ના રોજ લીલીયા-અમરેલી રોડ પરથી ગુમ થઈ હતી. લીલીયા પોલીસ



સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. વાય.એમ. જાડેજા અને તેમની ટીમે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આ મોટરસાઈકલ શોધી કાઢી હતી.પોલીસે કાયદેસરની કાર્યવાહી બાદ મોટરસાઈકલ તેના મૂળ માલિકને વિધિવત રીતે પરત સોંપી હતી. આ રીતે પોલીસે ગુમ થયેલી મિલકત પરત કરી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. આ સમગ્ર સફળ કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટાફના કર્મચારીઓ જોડાયા હતા.

# વીજપડી-રાજુલા સુધીનો માર્ગ મગરની પીઠ સમાન બન્યો

સાવરકુંડલા,તા.૦૯



**ખખડધજ માર્ગને લીધે મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા**

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામથી રાજુલાને જોડતો મુખ્ય માર્ગ હાલમાં અત્યંત દયનીય અને ખરાબ હાલતમાં જોવા મળી રહ્યો છે. આ માર્ગ પરના મોટા ખાડાઓને કારણે દૈનિક અવરજવર કરતા સ્થાનિક રહેવાસીઓ અને સરકારી કર્મચારીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ માર્ગની ખરાબ અવસ્થાને લીધે સરકારી કર્મચારીઓ સમયસર પોતાની ફરજ પર પહોંચી શકતા નથી તેમજ એસ.ટી. નિગમની બસો પણ નિર્ધારિત સમય કરતા ઘણી મોડી ચાલી રહી છે, જેના કારણે મુસાફરોમાં રોષ ફેલાયો છે. વીજપડીથી રાજુલાનું અંતર માત્ર ૨૨ કિલોમીટર હોવા છતાં, ઉબડ-ખાબડ રસ્તાને લીધે આ મુસાફરી કાપતા ૪૫ થી ૫૦ મિનિટ જેટલો સમય વેડફાઈ રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ માર્ગના નિર્માણ માટે અંદાજે છ મહિના અગાઉ વહીવટી મંજૂરી મળી ગઈ હોવા છતાં, તંત્રની સુસ્તી અને બેદરકારીને કારણે હજી સુધી ગ્રાઉન્ડ લેવલ પર કોઈ નક્કર કામગીરી શરૂ થઈ નથી. આ જોખમી રસ્તો વાહનચાલકો માટે અકસ્માતનું કેન્દ્ર બની રહ્યો છે ત્યારે તંત્ર જલ્દી જાગે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે.

# ધારીની પરિણીતાને ઉનામાં પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી

ધારી, તા. ૦૯

ધારીની વતની અને હાલ ઉનામાં રહેતી એક પરિણીતાને તેના પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જ્યારે સાસુએ નાની વાતોમાં ઝઘડો કરી મેણાં માર્યા હતા. આ અંગે સોનલબેન અલારખભાઈ સુમરા (ઉ.વ.૩૦)એ ઉનામાં રહેતા પતિ અફઝલભાઈ (અબજલભાઈ) સતારભાઈ આરદીયાણી તથા સાસુ જરીનાબેન સતારભાઈ આરદીયાણી સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, પતિ અને સાસુ નજીવી બાબતોમાં ઝઘડો કરી, મેણાં-ટોણાં મારી તેમજ ગાળો આપીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. પતિએ તેમને મૂઢ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કેસમાં ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**સાસુએ ઝઘડો કરી મેણાં-ટોણાં માર્યા**

# નાગેશ્રીમાં ૧૦ શખ્સોને રૂ. ૪૦,૫૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડ્યા

જાફરાબાદ, તા. ૦૯

નાગેશ્રીમાં પહેલી પાટી હનુમાનજી ડેરી પાસેથી ૧૦ જુગારીઓ રૂ. ૪૦,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. રાજેશભાઈ નટુભાઈ જોષી, શૈલેષભાઈ ભરતભાઈ વરૂ, પ્રવિણભાઈ બીચ્છુભાઈ વરૂ, રણછોડભાઈ કાનાભાઈ પરમાર, મનસુખભાઈ રામભાઈ જોગદીયા, વિશાલભાઈ જેહાભાઈ પરમાર, હરેશભાઈ બચુભાઈ સોલંકી, વિજયભાઈ મનુભાઈ વરૂ, શીવરાજભાઈ અનકભાઈ વરૂ અને રવિરાજભાઈ અનકભાઈ વરુ પહેલી પાટી હનુમાનજી ડેરી પાસે જાહેર સ્થળે ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે કુલ રોકડ રૂ. ૪૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ વિનુભાઈ દાફડા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા શહેરમાં એકલવાયા જીવનથી કંટાળી આધેડનો આપઘાત

**ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું**

બગસરા, તા. ૦૯

બગસરા શહેરમાં એકલવાયા જીવનથી કંટાળી એક વ્યક્તિએ આત્મહત્યા કરી હોવાની કરુણ ઘટના સામે આવી છે. છેલ્લા કેટલાક સમયથી એકલા રહેતા વૃધ્ધે માનસિક વ્યથામાં આવી ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે દીપકભાઈ જેન્તીભાઈ ખોરાસીયા (ઉ.વ.૪૭) એ પોલીસને જાણ કર્યા મુજબ, જેન્તીભાઈ વનમાળીદાસ ખોરાસીયા (ઉ.વ.૬૮) છેલ્લા ઘણા સમયથી એકલવાયું જીવન જીવી રહ્યા હતા. કોઈના સાથ-સહકાર વિનાના આ સૂના જીવનથી તેઓ મનોમન કંટાળી ગયા હતા. આ એકલતાની પીડા અસહ્ય બનતા આખરે તેમણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી, અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ધારી કોર્ટમાં સમાધાન માટે ભેગા થયેલ પક્ષકારો વચ્ચે મારામારી

ધારી, તા. ૦૯

ન્યાયનું ધામ ગણાતી ધારી કોર્ટમાં મારામારીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કોર્ટના મીડિએશન સેન્ટરમાં સમાધાન માટે ભેગા થયેલા પક્ષકારો વચ્ચે મામલો બિચક્યો હતો, જેમાં એક મહિલા અને સાક્ષી પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.સાવરકુંડલામાં રહેતા ૬૫ વર્ષીય હર્ષાબેન હરેશભાઈ ગોહીલે ઈંગોરાળા (ભાડ) ગામના રીંકલબેન વિનુભાઈ દાફડા તથા વિનુભાઈ દુદાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ તથા સાક્ષીઓ ધારી કોર્ટના મીડિએશન સેન્ટરમાં હાજર હતા, તે સમયે આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. વિનુભાઈ દાફડાએ મહિલાના વાળ ખેંચી, ઝાપટો મારી અને દીવાલ સાથે માથું અથડાવી ગાળો ભાંડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન સાક્ષી ધવલભાઈને ડાબા પડખે છાતીના ભાગે બટકું ભરી, લોહી કાઢી ઈજા પહોંચાડી હતી અને ઢીકાપાટુનો માર માર્યો હતો.

ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**સાક્ષીને બટકું ભરી લોહી કાઢી ઈજા પહોંચાડી**

# વડિયાના તોરી ગામે ખેતીમાં નુકસાન જતાં ખેડૂતનો આપઘાત

વડિયા, તા. ૦૯

**વર્ષ નબળું જતાં ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું**

વડિયા તાલુકાના તોરી ગામે ખેતીમાં પૂરતું વળતર ન મળતા અને આર્થિક ભીંસ અનુભવતા એક ખેડૂતે આપઘાત કરી લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ખેતીમાં ચાલુ વર્ષ નબળું જતાં આર્થિક સ્થિતિથી વ્યથિત થઈ ખેડૂતે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.મળતી વિગતો અનુસાર, તોરી ગામના રહીશ અને ૧૦ વીઘા જમીન ધરાવતા ખેડૂત મૂળજીભાઈ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ. ૪૭) ચાલુ વર્ષે ખેતપેદાશમાં ધાર્યું વળતર ન મળતા ભારે માનસિક ચિંતામાં હતા. ૧૦ વીઘાના ટુકડા પર નિર્ભર આ ખેડૂતને મહેનત કરવા છતાં પાક નિષ્ફળ જતાં તેઓ મનોમન અશાંતિ અનુભવી રહ્યા હતા. આ પરિસ્થિતિથી કંટાળીને ખેડૂતે પોતાના ઘરે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડીઓ ગળી લીધી હતી. ઝેરી અસર થવાને કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.રાજુલામાં રહેતી એક પરિણીતાને માનસિક બીમારી હોવાથી સતત નકારાત્મક વિચારો આવતા હતા. જેનાથી કંટાળી જઈ તેણે કોઈ ઝેરી પ્રવાહી દવા પી લેતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૫ | ૧૯૨૦ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૫૩૦ |
| જુવાર સફેદ | ૮૧૦ | ૯૯૦ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૫૦ |
| બાજરી | ૩૦૧ | ૩૬૫ |
| મકાઇ | ૩૭૫ | ૩૭૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૪ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૮૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| મગ | ૧૪૬૦ | ૨૦૦૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૭૦૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૫૨૫ |
| વટાણા | ૬૫૦ | ૧૦૩૧ |
| રાજમા | ૫૦૦ | ૧૭૦૮ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૬૩૦ |
| મગફળી જીણી | ૧૨૫૫ | ૧૭૩૦ |
| તલી | ૧૯૫૦ | ૨૧૫૦ |
| સુરજમુખી | ૯૦૦ | ૧૪૦૪ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૮૦ |
| સુવા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૧૧૦ | ૧૩૦૬ |
| સીંગફાડા | ૧૩૬૦ | ૧૮૦૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૩૫૦ |
| લસણ | ૮૩૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૨૫૦ | ૨૪૭૦ |
| મરચા સુકા | ૧૨૦૦ | ૫૦૧૦ |
| ધાણી | ૨૨૮૦ | ૨૭૪૦ |
| વરીયાળી | ૧૨૮૦ | ૨૦૧૨ |
| જીરૂ | ૩૩૮૦ | ૩૮૫૦ |
| રાય | ૧૨૮૫ | ૧૫૧૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૮૭૬ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અશેરીયો | ૯૦૯ | ૧૧૪૫ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૪૮૦ |
| રાયડો | ૧૧૧૧ | ૧૨૯૯ |
| રજકાનું બી | ૪૯૪૦ | ૫૭૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૬૪ | ૫૬૮ |
| લીંબુ | ૧૮૦૫ | ૩૬૧૦ |
| સાકરટેટી | ૧૩૯ | ૩૦૨ |
| તરબુચ | ૧૦૮ | ૨૧૦ |
| પપૈયા | ૭૬ | ૧૩૨ |
| બટેટા | ૧૦૪ | ૨૬૭ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૫૬ |
| ટમેટા | ૨૨૩ | ૪૬૯ |
| સુરણ | ૭૭૮ | ૧૦૧૨ |
| કોથમરી | ૩૮૫ | ૫૯૪ |
| મુળા | ૪૩૧ | ૬૪૪ |
| રીંગણા | ૧૧૫ | ૨૪૨ |
| કોબીજ | ૮૯ | ૨૩૩ |
| ફ્લાવર | ૨૭૬ | ૪૮૫ |
| ભીંડો | ૧૩૪ | ૩૭૬ |
| ગુવાર | ૨૯૪ | ૫૫૯ |
| ચોળાસીંગ | ૩૩૫ | ૫૬૮ |
| ટીંડોળા | ૩૩૬ | ૭૭૨ |
| દુધી | ૧૦૫ | ૨૩૧ |
| કારેલા | ૧૭૧ | ૨૪૮ |
| સરગવો | ૨૫૨ | ૫૦૨ |
| તુરીયા | ૨૭૯ | ૪૫૮ |
| પરવર | ૪૨૪ | ૬૭૫ |
| કાકડી | ૨૧૫ | ૪૦૮ |
| ગાજર | ૨૮૮ | ૫૧૧ |
| વટાણા | ૧૧૮૪ | ૧૪૪૮ |
| ગલકા | ૧૫૨ | ૨૮૮ |
| બીટ | ૧૫૪ | ૩૨૬ |
| મેથી | ૫૧૮ | ૮૨૧ |
| ડુંગળી લીલી | ૩૨૩ | ૫૮૬ |
| આદુ | ૧૨૨૬ | ૧૬૨૪ |
| મરચા લીલા | ૪૮૯ | ૭૦૨ |
| મકાઇ લીલી | ૧૩૨ | ૨૬૪ |
| ગુંદા | ૨૬૮ | ૫૦૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૮૬૬ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૭૩૬ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૧ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૪૫૧ | ૪૦૫૧ |
| કલંજી | ૧૧૫૧ | ૩૪૮૧ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૬૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૪૧ |
| તુવેર | ૭૦૦ | ૧૫૦૧ |
| રાયડો | ૮૦૧ | ૧૦૮૧ |
| રાય | ૧૧૫૧ | ૧૪૦૧ |
| મેથી | ૬૦૧ | ૧૭૧૧ |
| કાંગ | ૪૫૧ | ૫૮૧ |
| સુરજમુખી | ૧૨૮૧ | ૧૨૮૧ |
| મગફળી જાડી | ૧૧૬૧ | ૧૭૩૧ |
| મગફળી ૬૬ | ૧૨૯૬ | ૧૪૭૧ |
| તલ - તલી | ૧૨૫૦ | ૨૨૦૧ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૮૭૬ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૫૬ |
| બાજરો | ૩૨૧ | ૪૦૧ |
| જુવાર | ૭૦૦ | ૯૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૫૧ |
| મગ | ૯૦૧ | ૧૮૦૧ |
| વાલ | ૫૦૦ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૬૬૧ | ૧૩૬૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૨૧ |
| અરીઠા | ૭૪૧ | ૭૪૧ |
| ગોગળી | ૧૦૦૧ | ૧૩૦૧ |
| વટાણા | ૩૫૧ | ૮૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૬૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૮૦૦ |
| કોબી | ૨૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૪૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૩૬૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૯ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| આંબલી | ૩૦૦ | ૪૦૦ |
| પરવર | ૨૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૮ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૩૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૪૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૪૦ |
| આદુ | ૮૦૦ | ૧૭૦૦ |
| ફણશી | ૫૦૦ | ૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૪૩૫ |
| શિંગ ગીરનાર | ૧૩૫૫ | ૧૩૫૫ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૭૫ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૮૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૮૪૫ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૪૮૫ |
| તલ કાળા | ૨૩૭૦ | ૩૬૭૫ |
| બાજરો | ૪૫૦ | ૫૦૫ |
| જુવાર | ૬૮૦ | ૮૦૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૪૮૫ |
| મગ | ૧૫૫૦ | ૧૭૮૦ |
| ચણા | ૮૯૦ | ૧૦૬૫ |
| સફેદ ચણા | ૯૯૦ | ૧૦૮૦ |
| છોલે ચણા | ૧૦૪૫ | ૧૪૪૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૯૫ |
| કપાસ | ૧૦૧૫ | ૧૯૯૫ |
| એરંડા | ૧૦૧૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૦૨૫ |
| ધાણા | ૧૬૦૦ | ૨૪૬૦ |
| અજમા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| મેથી | ૧૦૭૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૦૯૦ | ૧૩૩૦ |
| મરચા લાંબા | ૮૦૦ | ૨૨૩૦ |
| સુવાદાણા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૫૦ | ૬૨૦ |
| ફુલાવર | ૨૨૦ | ૩૩૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૦૦ |
| શક્કરિયા | ૫૨૦ | ૬૩૦ |
| ટમેટા | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૪૫૦ | ૬૦૦ |
| કાકડી | ૩૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૫૫૦ | ૭૫૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ચોળી | ૩૫૦ | ૪૫૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૩૦ |
| પાકી કેરી | ૧૨૫૦ | ૨૩૦૦ |
| ગરમર | ૬૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૩૫૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ફુદીનો | ૩૪૦ | ૪૪૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૪૩૦ | ૫૨૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ સૂકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૫૫૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૮૦ | ૨૦૧૫ |
| કપાસ મીડીયમ | ૧૫૮૦ | ૧૬૭૦ |
| મગફળી | ૧૧૯૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૨૧૧૦ |
| તલ કાળા | ૨૯૪૦ | ૩૩૨૦ |
| જીરૂ | ૨૭૭૦ | ૩૯૮૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૨૫ | ૧૧૯૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૬૦ |
| મગ | ૧૫૧૦ | ૧૯૬૦ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૦૫ | ૪૪૧ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૪૧ |
| એરડા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| ધાણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૧૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૪૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૬ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૬૫ |
| જુવાર | ૭૫૦ | ૯૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૦૪ |
| અડદ | ૧૨૭૦ | ૧૬૫૪ |
| મગ | ૧૫૦૦ | ૨૦૨૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૭ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૪૪૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૯૮ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૮ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૪૬ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૪૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૧૨ |
| ધાણા | ૧૫૦૦ | ૧૮૬૫ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| મેથી | ૮૦૦૮૫૦ | |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૧૩૦ | ૧૪૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| એરંડી | ૧૦૬૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૮૭૫ | ૧૮૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૬ |
| મગ | ૧૦૦૧ | ૧૭૫૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૩૬ |
| તુવેર | ૬૦૧ | ૧૩૫૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૯૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૩૬ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૨૪૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૭૧ |
| જીરૂ | ૩૫૪૧ | ૩૫૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૫૨૫ |
| સોયાબીન | ૭૦૧ | ૧૨૪૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૫૦ | ૧૪૫૦ |
| શિંગ મોટી | ૧૨૭૫ | ૧૫૬૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૪૫૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૭૫૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૭૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ ૫૧૦ | |
| જુવાર | ૬૦૦ | ૯૯૦ |
| મગ | ૧૬૦૦ | ૧૭૪૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૮ |
| દેશી ચણા | ૯૫૦ | ૧૦૫૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૮૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| **મહુવા** | | |
| શિંગ ૩૨ | ૧૧૮૦ | ૧૩૨૬ |
| શિંગ ૬૬ | ૧૩૬૧ | ૧૫૬૬ |
| શીંગ ઉનાળું મગડી | ૧૦૦૦ | ૧૩૭૧ |
| શિંગ જી-૨૦ | ૧૧૩૪ | ૧૪૧૯ |
| એરંડા | ૪૯૪ | ૧૨૨૧ |
| જુવાર | ૩૫૧ | ૭૨૮ |
| બાજરી | ૩૪૧ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૪૮ |
| મકાઈ | ૨૦૦ | ૨૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મગ | ૧૦૦૦ | ૨૩૦૦ |
| ચણા | ૧૪૨૪ | ૧૦૬૭ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૫૮ |
| તલ કાળા | ૧૨૦૦ | ૩૫૦૫ |
| તુવેર | ૯૦૦ | ૧૩૯૯ |
| જીરૂ | ૩૬૪૦ | ૩૬૪૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૦૯ |
| ડુંગળી સફેદ | ૨૧૨ | ૩૦૬ |
| નાળીયેર | ૪૮૦ | ૨૦૯૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૦૦ | ૧૬૯૯ |
| મગફળી | ૧૧૬૧ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૪૧ |
| સોયાબીન | ૯૭૬ | ૧૧૫૧ |
| તલ કાળા | ૩૨૦૧ | ૩૨૯૯ |
| તુવેર | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ઘઉં | ૪૩૦ | ૪૩૦ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૧૩૦૦ | ૩૩૯૫ |
| કપાસ | ૯૦૦ | ૧૮૧૬ |
| બાજરો | ૩૧૧ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૬ |
| જુવાર | ૪૦૦ | ૯૫૦ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| મગ | ૧૭૩૬ | ૧૭૭૬ |
| તુવેર | ૧૧૧૫ | ૧૩૫૦ |
| ચણા | ૬૦૦ | ૧૦૪૬ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૭૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૦૦ |
| રાય | ૧૦૦૧ | ૧૨૮૦ |



# પાંચ રાજ્યોમાં સ્થાપિત નેરેટિવ ન ચાલ્યો

પશ્ચિમ બંગાળ, તમિળ નાડુ, કેરળમ્, આસામ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો ચાર મે એ આવી ગયાં. આ લેખકે પ. બંગાળના પ્રથમ તબક્કાના મતદાનના દિવસે જ ૯૧ ટકા આસપાસ મતદાન જોયા પછી લખ્યું હતું, 'પોરિબોર્તન નિશ્ચોય હોબે'. પરિવર્તન નક્કી થશે જ. અને થયું જ. પશ્ચિમ બંગાળમાં છેલ્લા જાહેર આંકડા મુજબ, ભાજપે ૨૯૪માંથી ૨૦૭ બેઠક પર વિજય પ્રાપ્ત કર્યો છે. તૃણમૂલને ૮૧ અને ડાબેરી-કૉંગ્રેસને બે-બે સહિત અન્યોને ૭ બેઠકો પ્રાપ્ત થઈ છે.

આ પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામોનું 'આઆપ કો રખે આગે' પ્રકારનું નહીં પણ ખરેખર તટસ્થ વિશ્લેષણ કરીએ તો, કૉંગ્રેસ મજબૂત થઈ છે. પ્રાદેશિક પક્ષોનો રકાસ થયો છે. તૃણમૂલ કૉંગ્રેસ, સીપીએમને ગેરફાયદો થયો છે. આના પરિણામે વિપક્ષોમાં રાહુલ ગાંધીની બોલબાલા વધશે. કેરળમ્માં કૉંગ્રેસનો વિજય થયો છે. તેને, ભાજપ જેમ નીતિન નવીનના ખાતે વિજયને ખતવે છે, તેમ મલ્લિકાર્જુન ખડગેના ખાતે નહીં ખતવાય. તેને રાહુલ ગાંધીના ખાતે ખતવશે. અને સામા પક્ષે ભાજપ પણ આ પાંચ રાજ્યોનાં પરિણામ સાથે કહે છે કે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કૉંગ્રેસ સો વાર હારી છે. પરંતુ સૌથી મોટી વાત એ છે કે આ પાંચ રાજ્યોમાં સનાતના ઘોર વિરોધી પક્ષો હતા તેમનો પરાજય થયો છે. પ. બંગાળમાં હિન્દુઓની કેવી અવદશા વિતેલાં પંદર વર્ષમાં, અને તેમાંય ૨૦૧૪ પછી થઈ હતી, તેના વિડિયો એક પછી એક આવી રહ્યા છે. મંદિર બંધ હતાં તે ખુલી રહ્યા છે, લોકો વિના ડરે જય શ્રી રામ અને મા દુર્ગાનો જય ઘોષ કરી રહ્યા છે. સડક પર ફરી રહ્યા છે. આ ભાજપનો વિજય નથી, અંગ્રેજોના શાસન પછી આ પહેલી વાર હિન્દુ મતદારોનો વિજય છે. ભારતને અને તેથી પ. બંગાળને ભલે ૧૯૪૭માં સ્વતંત્રતા મળી ગઈ, પરંતુ હિન્દુઓ માટે ખરી સ્વતંત્રતા તો ૪ મે ૨૦૨૬ના દિવસે મળી હોય તેમ લાગે છે.

નરેન્દ્ર મોદીનો હેલિકૉપ્ટરમાં કડક ઈન્ટરવ્યૂ કરનાર, એનડીટીવીના (હવે પૂર્વ) પત્રકાર વિજય ત્રિવેદી હવે સ્વીકારે છે કે આપણે (એટલે કે આ આપ કો રખે આગે પ્રકારના) વિશ્લેષકો આપણે જે મનમાં ધારેલું હોય તે જ જોવા માંગીએ છીએ. એટલે કે પ્રમેયમાં સાબિત શું કરવાનું છે તે પહેલેથી આપણા મનમાં નક્કી જ હોય છે. પછી તેને સાબિત કરવા (આ વિજય ત્રિવેદીએ નથી કહ્યું, પરંતુ ગુજરાતના સાબિત થયેલા પ્રમેય પરથી આ લેખક કહે છે) સ્ક્રિપ્ટેડ ઈન્ટરવ્યૂ કરે છે. સ્થળ પર જવા છતાં આપણને એ દેખાતું નથી કે પવન કોના તરફી છે.

પ. બંગાળમાં મમતા બેનર્જીએ ઔરંગઝેબનું શાસન સ્મરણમાં આવી જાય તેવું કર્યું. તેમનો પરાજય થયો. તમિળનાડુમાં દ્રમુકના ઉદયનિધિ સ્ટાલિને સનાતનને ડેન્ગ્યુ કહ્યો. તિરુપ્પરનકુંદ્રમમાં ઉચ્ચ ન્યાયાલયના આદેશ છતાં હિન્દુઓને પૂજા કરવા ન દીધી. વક્ફ બૉર્ડે હિન્દુ બહુમતીવાળાં સાત ગામોને વક્ફ સંપત્તિ જાહેર કરી દીધાં હતાં. કેરળમ્માં સબરીમાલામાં હિન્દુઓની આસ્થા વિરુધ્ધ માસિકની વયની સ્ત્રીઓને પૂજાની અનુમતિ આપવા ડાબેરીઓએ ધમપછાડા કર્યા હતા. પરંતુ ત્યાંની સ્થાનિક હિન્દુ જનસંખ્યાએ વિરોધ કર્યો તેથી કારી ન ફાવી અને ચૂંટણીમાં પણ ડાબેરીઓની કારી ન ફાવી. આસામમાં હેમંત વિશ્વ શર્માના હિન્દુવાદી શાસનના કારણે ભાજપનો ફરી વિજય થયો.

**પાંચ રાજ્યોમાં મહિલા, મુસ્લિમ, દલિત, આદિવાસી, ચૂંટણી પંચ સાથે ગોઠવણ વગેરે અનેક બાબતોએ મતદારોએ શું સંદેશ આપ્યો છે?**

વિચાર વલોણું



જયવંત પંડ્યા

આમ, આ પરિણામો બતાવે છે કે તમે સનાતનના વિરુધ્ધ જશો તો ફેંકાઈ જશો. હવે હિન્દુ મતદાર જાગૃત થઈ ગયો છે.

આ પરિણામોનું બીજું પાસું જે ક્યાંય ચર્ચામાં નથી અને તે છે કે મોદીજીનો જાદુ. ૨૦૨૪ની ચૂંટણીમાં ૨૪૦ બેઠક પછી કેટલાક નિર્ભય રીતે ખડખડાટ હસીને જમાવટ કરતા હતા કે દિલ્લીમાં કહે છે કે મોદીને પાછા ગુજરાત લઈ જાવ. પરંતુ નરેન્દ્ર મોદી દેવહુમા પક્ષી જેવા છે. જ્યારે-જ્યારે થોડો પણ ધક્કો વાગે છે, તરત જ ધ્યાન-તપ-પરિશ્રમ કરીને જબરદસ્ત બેઠા થાય છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી હરિયાણા, મહારાષ્ટ્ર, દિલ્લી, બિહાર, અને હવે પ. બંગાળ સહિતનાં પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપે ભવ્ય દેખાવ કર્યો છે. ભાજપે સંઘ સાથે ચૂંટણી સંદર્ભે અને અન્ય વૈચારિક મુદ્દાઓ પર સંબંધો સુધારી લીધા લાગે છે. સંઘ પણ જાણતો હતો કે પ. બંગાળની ચૂંટણી આ વખતે 'કરો કે મરો'ની છે.

પ. બંગાળમાં તેણે ખૂબ મહેનત કરી હિન્દુ મતદારોને મતદાન કરવા પ્રેર્યા છે. તેના સ્વયંસેવકો ભાજપમાં કાર્યરત્ હતા. મહારાષ્ટ્ર અને હરિયાણામાં પણ સંઘે ભાજપને સાથ આપ્યો છે. બિહારમાં નીતીશકુમારે ત્યાગપત્ર આપી સંસદનો માર્ગ પકડતાં અને આમ પણ પ્રથમ ક્રમનો પક્ષ હોવાથી મુખ્ય પ્રધાન પર અધિકાર ભાજપનો જ હતો, તેથી હવે ભાજપની ત્યાં મુખ્ય પ્રધાન પદવાળી સરકાર બની છે.

આ ચૂંટણીમાં એ પણ જોયું કે મોદી જેને હાથ લગાડે છે તે ચીજનું વેચાણ પણ કેટલું વધી જાય છે. ઝાલમુડી તેનું નવીન ઉદાહરણ છે.

શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળમાં નવી પેઢીએ રસ્તા પર આંદોલન કરી, સ્થાપિત સરકારને ઉખાડી ફેંકી હતી. રાષ્ટ્રપતિના ભવનમાં તેઓ ઘૂસી ગયા હતા અને તસવીરો પડાવી હતી. આથી ભારતમાં પણ આવું થશે તેવું સ્વપ્ન વિપક્ષો અને તેમનાં 'વાજિંત્રો' જોતાં હતાં. પરંતુ આ જેન-ઝીએ અલગ રીતે સરકારો ઉખાડી ફેંકી. પ. બંગાળમાં મમતાની, તમિળનાડુમાં ડીએમકેની અને કેરળમ્માં ડાબેરીઓની. તમિળનાડુમાં ન દ્રમુક, ન અન્નાદ્રમુકને તેમણે પસંદ કર્યો. તેમણે નવીન ચહેરા- જોસેફ વિજયને પસંદ કર્યો.

કેટલાક કલમઘસુઓ કહે છે કે નરેન્દ્ર મોદી માર્કેટિંગના જોરે ચૂંટણી જીતે છે. આ વાત તમિળનાડુ અને કેરળમ્માં ખોટી પડી છે. તમિળનાડુમાં જોસેફ વિજયે ઈન્ટરવ્યૂ આપ્યા જ નથી, રોડ શો વગેરેમાં પણ બહુ ઓછું બોલ્યા. જમીન પર કામ વધુ કર્યું. સાચા મુદ્દા ઉઠાવ્યા. કેરળમ્માં પિનરાઈ વિજયનનો અમેરિકાના પ્રમુખની ચૂંટણી પ્રકારે પ્રચાર કરાયો. ઘણો ખર્ચો કરાયો. તો પણ તેમના મોરચાનો પરાજય થયો.

આ ચૂંટણીનાં પરિણામોએ દિલ્લીના ચૂંટણી પરિણામોએ પણ સાબિત કર્યું કે મતદારો હવે મમતા બેનર્જી અને અરવિંદ કેજરીવાલની નકલી સાદગી, ગરીબ દેખાવાના ઢોંગથી મતદારો છેતરાતા નથી. મમતા બેનર્જી ચોળાઈ ગયેલી સાદી સાડી અને સ્લિપર પહેરે કે કેજરીવાલ ચેક્સવાળો, પેન્ટમાં ખોસ્યા વગરનો શર્ટ અને પેન્ટ પહેરે, ઓબામા આવે ત્યારે પણ સ્લિપર પહેરીને મળવા જાય તેનાથી હવે મતદારો પ્રભાવિત થતા નથી. તેમને તેમના ભ્રષ્ટાચારની વાતો ખબર પડે છે અને એટલે તેઓ તેમની સાદગીથી હવે છેતરાતા નથી. તમિળનાડુમાં જોસેફ વિજયની સંપત્તિ અંદાજે ૬૦૦ કરોડની છે.

આ પાંચેય રાજ્યોમાં પરિણામોએ એ પણ બતાવ્યું છે કે ચૂંટણી પંચ મતદાર સૂચિ પુનર્વલોકન કરીને નકલી મતદારો, ડુપ્લીકેટ મતદારો, મૃતક મતદારોને દૂર કરે, કેન્દ્રીય જવાનો જો નિયુક્ત હોય તો પરિણામ શું આવે છે. કેન્દ્રીય જવાનો મૂકવામાં આવે, રાજ્ય સરકારના માનીતા પોલીસ અધિકારીઓને ખસેડી દેવામાં આવે તો શું પરિણામ આવે છે. પ. બંગાળમાં ગુંડાગીરીના જોરે જ પહેલાં ડાબેરીઓ અને પછી મમતા બેનર્જી ચૂંટણી જીતતા હતા. કેરળમ્માં ડાબેરીઓએ રાજકીય હિંસા કરવામાં કોઈ ખામી છોડી નહોતી. માત્ર સંઘ-ભાજપના જ નહીં, કૉંગ્રેસ અને ક્યારેક તો પોતાના મોરચાના અન્ય પક્ષોના નેતાઓને પણ શિકાર બનાવ્યા હતા. આ વખતે ચૂંટણી થઈ ગઈ તે પછી પણ તમે જુઓ કે ભાજપના મુખ્ય પ્રધાન પદના દાવેદાર અને મમતા બેનર્જીને સતત બીજી વાર હરાવનાર જાયન્ટ કિલર શુવેન્દુ અધિકારીના અંગત સચિવ ચંદ્રનાથ રથની હત્યા કરી દેવાઈ. પરંતુ ચૂંટણી પંચની અને કેન્દ્રીય જવાનોની કડકાઈના લીધે પ. બંગાળની પહેલી એવી ચૂંટણી હતી જેમાં એક પણ વ્યક્તિની હત્યા ન થઈ. અગાઉની ચૂંટણીઓમાં બૉમ્બ પણ ફૂટતા હતા. આ વખતે તેવું ટાળી શકાયું છે.

ટી. એન. શેષનની જેમ જ મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશકુમાર આ માટે સર્વોચ્ચ અભિનંદનના અધિકારી છે.

એક અન્ય નોંધવા જેવી બાબત એ પણ છે કે મહિલા મતદારોનું મતદાનનું પ્રમાણ જેમ-જેમ વધતું જાય છે તેમ-તેમ આ સ્થાપિત વિપક્ષોને ફટકો પડી રહ્યો છે. પ. બંગાળમાં મોટા પાયે મહિલા મતદારોએ મતદાન કર્યું. કેરળમ્માં પુરુષો કરતાં મહિલાઓનું મતદાનનું પ્રમાણ વધુ હતું. ડાબેરીઓ માટે બુધ્ધિજીવીઓએ એવો નેરેટિવ સેટ કર્યો છે કે તેઓ પ્રગતિશીલ છે અને મહિલાઓને સમાન અધિકારો આપે છે. પરંતુ એ વાતેય સત્ય છે કે મહિલાઓએ વધુ મતદાન કરી આ ઢોંગી ડાબેરીઓને કેરળમ્માંથી ઉખાડી ફેંક્યા છે.

ઘણા એમ પણ કહેતા હતા કે મમતા પોતે મહિલા હોવાના કારણે અને લક્ષ્મી ભંડાર જેવી કેન્દ્રીય યોજનાઓના લીધે મહિલાઓ તૃણમૂલને વિજયી બનાવશે. પરંતુ આવું થયું નહીં.

આ પરિણામો પછી ઘણા મુસ્લિમો વિચારતા થયા છે કે મુસ્લિમો હવે રાજકીય રીતે અનાથ બન્યા છે. પરંતુ તેવું નથી. ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કે પછી આ પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો જોશો તો સમજાશે કે મુસ્લિમ મતદારોએ પ. બંગાળમાં ભાજપ, તૃણમૂલ, કૉંગ્રેસ, સીપીએમ, પીરઝાદા અબ્બાસ સિદ્દિકીના આઈએસએફ, હુમાયૂં કબીરના એજેયુપીને મતો આપ્યા છે. કેરળમ્માં મુસ્લિમોએ મુસ્લિમ લીગને સૌથી પહેલા પ્રાધાન્ય આપ્યું છે. બીજા ક્રમે કૉંગ્રેસ છે, ત્રીજા ક્રમે યુડીએફના અન્ય છે. ચોથા ક્રમે સીપીએમ, પાંચમા ક્રમે સીપીઆઈ અને છઠ્ઠા ક્રમે એલડીએફના અન્ય છે. આમ, અહીં મુસ્લિમ લીગ-કૉંગ્રેસને સૌથી વધુ મતો આપ્યા, જ્યારે ડાબેરીઓને પાછળ ધકેલી દીધા છે.

આસામમાં મુસ્લિમ મતદારોએ સૌથી વધુ કૉંગ્રેસ, તે પછી બદરુદ્દીન અજમલના એઆઈયુડીએફ, તે પછી તૃણમૂલને મતો આપ્યા છે. આમ, અહીં બદરુદ્દીન અજમલના 'અપનેવાલા' પક્ષના બદલે કૉંગ્રેસ પર તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ મુસ્લિમ મતદારોએ ગયા વખત કરતાં અલગ વલણ અપનાવ્યું છે. અમદાવાદમાં ગયા વખતે મુસ્લિમ મતદારોએ સાત બેઠકો પર અસદુદ્દીન ઓવૈસીના એઆઈએમઆઈ એમને વિજય અપાવ્યો હતો. આ વખતે એક પણ બેઠક આપી નથી. વિપક્ષોમાં માત્ર કૉંગ્રેસનો વિજય થયો. આમ, મુસ્લિમોએ અહીં કૉંગ્રેસ પર ફરી વિશ્વાસ દાખવ્યો છે. ભુજમાં જોકે મિમને એક વૉર્ડમાં ત્રણ બેઠક મળી છે. ભરુચમાં ચાર બેઠકો મળી છે. સિદ્ધપુર જે બ્રાહ્મણોનો વિસ્તાર ઘણા વખત સુધી ગણાતો ત્યાં જનસંખ્યાનું ગણિત બદલાયું અને ડિંડ્રોલ તાલુકા પંચાયતમાં મિમે એક બેઠક મેળવી.

કૉંગ્રેસે ખાડિયા અને હિન્દુ બહુમતીવાળા પાલડી,વગેરે બેઠકો પર પણ મુસ્લિમ ઉમેદવારો ઊભા રાખ્યા. દાણીલીમડામાં કૉંગ્રેસના શૈલેષ પરમારે મઝાર પર દુઆ કરી. મલ્લિકાર્જુન ખડગેએ ચૂંટણી સમયે આસામમાં મુસ્લિમોને કહ્યું કે નમાજ કરતી વખતે સાપ નીકળે તો તેને મારી નાખો છો તેમ હિન્દુવાદીઓને મારી નાખો. આનું પરિણામ ચાહે તે ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય કે પશ્ચિમ બંગાળ, કેરળમ્, ત્યાં દેખાય છે. પરંતુ હા, એ વાત ચોક્કસ છે કે સામા પક્ષે હિન્દુ મતદાર પણ હવે જાગૃત થયો છે. મુસ્લિમોને વિચારવાનો સોનેરી અવસર આવ્યો છે કે તેમણે કટ્ટર બનીને રહેવું છે કે ભારતીયતામાં ભળી દેશ પ્રથમની વિચારસરણી અપનાવી હિન્દુઓના હિન્દુત્વને પણ સ્વીકારવું છે, તેમના તહેવારોમાં આડા નથી આવવું, લવજિહાદ નથી કરવી, લેન્ડ જિહાદ નથી કરવી. વંદેમાતરમ્, ભારત માતા કી જય અને તિરંગાને અપનાવવો છે કે નહીં.

આ ચૂંટણીના પરિણામોમાંથી એવું કહેવાય છે કે હવે ભારતમાં ડાબેરીઓ પાસે એક પણ રાજ્યમાં સરકાર નથી. પરંતુ તેવું નથી. પ. બંગાળમા ગયા વખતે ડાબેરીઓને એક પણ બેઠક નહોતી મળી. આ વખતે બે બેઠક મળી છે. બીજી વાત. ડાબેરીઓ રાજકીય ક્ષેત્રેથી આઉટ, પણ કૉંગ્રેસ, ભાજપમાં ભળી ગયા છે, આઈઆઈટી ગાંધીનગર અને યુનિ., અનેક સ્કૂલોમાં છે. ■ jaywant.pandya@gmail.com

# બંગાળ - જનગણમન અધિનાયક જય હૈ.....

પશ્ચિમ બંગાળ સહીત પાંચ રાજ્યોની વિધાનસભાના પરિણામો આવી ચુક્યા છે. તમિલનાડુ અને બંગાળમાં વિપક્ષોને મોટો આંચકો લાગ્યો છે. આસામમાં ભાજપે ત્રીજી વખત સરકાર રીપીટ કરી છે. વિપક્ષી ગઠબંધન જે કાગળ માત્ર પર બચ્યું હતું તેમાં તૃણમુલના મમતા અને ડીએમકેના સ્ટાલિન એ બે ચહેરા જ એવા હતા જે પોતાના રાજ્યોમાં સત્તા ટકાવી રાખવા સક્ષમ કહી શકાય તેમ હતા. એ બંને હારી ગયા છે, અને પરાજય એટલો ભૂંડો છે કે પોતાની સીટ પણ બચાવી શક્યા નથી. ઓછીવતી સીટ લઈને પોતાનો પક્ષ તો વિધાનગૃહમાં ગયો, પરંતુ પોતે બહાર રહી ગયા. વિપક્ષી એકતા અને બંને પ્રાદેશિક પક્ષો પર હવે અસ્તિત્વ બચાવવાનું સંકટ આવનારા સમયમાં ઉભું થઈ જશે. ભારતીય રાજનીતિ પર બંગાળ અને તામીલનાડુના આ સત્તા પરિવર્તનોની લાંબા ગાળાની અસર રહેવાની છે.

બંગાળ આઝાદી સમયે દેશની ચળવળોની ચેતનાનું કેન્દ્ર હતું. એક સમયે દેશની રાજકીય અને આર્થિક રાજધાની હતી. શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે લગભગ દેશના બધા અન્ય પ્રાંતો કરતા ખુબ આગળ હતું. આઝાદી બાદ બંગાળ ધીમે ધીમે દેશના બીજા ભાગો કરતા પાછળ રહેતું ગયું. પહેલા કોંગ્રેસ અને ત્યારબાદ વામપંથીઓ અને ત્યારબાદ તૃણમુલ કોંગ્રેસની સરકારોએ રૂઢીચુસ્ત માનસિકતા સાથે કામ કર્યું. બંગાળની ગતિ સ્થિર થઈ ગઈ. હવે લગભગ પાંચ દાયકા બાદ બંગાળમાં કોઈ મોટા રાજકીય પક્ષની સરકાર બની છે જેનું કેન્દ્રમાં પણ શાસન છે.

બંગાળની સરહદ બાંગ્લાદેશ જેવા રાજકીય અસ્થિર દેશ સાથે જોડાયેલી સંવેદનશીલ સરહદ છે. તૃણમુલ સરકારના સમયમાં ઘુસપેઠ ખુબ મોટા પ્રમાણમાં થઈ. બાંગ્લાદેશથી ઘુસેલા લોકોએ બંગાળીઓના હક પર તરાપ મારવા લાગ્યા. રાશનપાણી સુધી તો ઠીક સમજ્યા, પણ સ્થિતિ એ આવી કે એમના મતો દ્વારા સરકાર બનાવી શકાય છે, ટકાવી શકાય છે એવું પ્રતીત થવા લાગ્યું. તૃણમુલ સરકારે તૃષ્ટિકરણ અને વોટબેન્કની રાજનીતિમાં આંધળા થઈને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકી દીધી હતી. મજાકમાં એવું કહેવાવા લાગ્યું હતું કે જો હજુ એક વખત તૃણમુલ સરકાર બંગાળમાં બની ગઈ તો ભારતીયોએ વિઝા લઈને બંગાળમાં જવું પડશે. આ ચૂંટણીઓ થકી બંગાળમાં રાષ્ટ્રવાદી હિન્દુત્વની ઘરવાપસી થઈ છે. બંગાળના ઈતિહાસમાં ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, રાજા રામમોહન રાય, શ્રી અરવિંદ, વંદે માતરમના રચયિતા બંકીમચંદ્ર, જનસંઘના સ્થાપક ડો.શ્યામાપ્રસાદ મુખર્જી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, શરદચંદ્ર ચેટરજી, અરવિન્દ ઘોષ, બિપિનચંદ્ર પાલ, સુરેન્દ્રનાથ બૅનરજી, રવીન્દ્રનાથ ટાગોર, ચિત્તરંજન દાસ અને નેતાજી સુભાષચંદ્ર બોઝ, સત્યેન્દ્રનાથ બોઝ જેવી વિભૂતિઓના સ્વરૂપે સામાજિક, સાહિત્યિક, સુધારક અને રાજકીય રાષ્ટ્રવાદ બંગાળથી પ્રગટ થયો છે. રાષ્ટ્રવાદ બંગાળના મૂળમાં રહેલો છે, જેનું પુનઃ જાગરત થયું છે. ૧૯૫૧મા જનસંઘની સ્થાપના થઈ અને ૧૯૫૨મા પહેલી લોકસભાની ચૂંટણીઓ થઈ, દેશમાં જનસંઘને ત્રણ સીટો મળી તેમની બે સીટો બંગાળમાં મળી હતી. જેમાંની એક દક્ષીણ કલકત્તાની સીટ શ્યામાપ્રસાદ મુખર્જી જીત્યા હતા જે કલકત્તાના રાષ્ટ્રવાદી હિંદુ ભદ્રવર્ગનો વિસ્તાર હતો. બીજી સીટ હતી ઝારગ્રામ મેદનીપુર, જે પણ રાષ્ટ્રવાદી હિંદુ ભદ્રવર્ગનું પ્રતિનિધિત્વ કરતી હતી. આમ સાડાસાત દાયકા બાદ ભારતીય જનતા પક્ષે પોતાના મુળિયા બંગાળમાં શોધીને ફરી રોપી દીધા છે. આ વિધાનસભામાં પણ એવું આકલન બધા રાજકીય વિવેચકોનું છે કે બંગાળનો ભદ્રવર્ગ ખુલીને મોટા પાયે ભાજપને વોટ કરી ગયો છે. દંભી સેક્યુલરિઝમની જાળમાં ફસાયેલો હિંદુ હવે ત્યાંથી છટકીને બહાર નીકળી ગયો છે.

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ચૂંટણી સમયે જે તે જગ્યાએ જઈને અલગ અલગ પક્ષો માટે જમીન તૈયાર કરતા રાજકીય દ્રષ્ટિહીન દલાલ પત્રકારો અને સોશ્યલ મીડિયા ઈન્ફ્લુંએન્સરો આ પરિણામોથી દુઃખી દુઃખી છે. જેના માટે પીચ તૈયાર કરાવડાવે છે અને ઘણી વખત તો રાજકીય પક્ષો કરતા પણ વધુ જમીની મહેનત કરે છે, એ ટીમ નિમ્ન કક્ષાની રમત રમીને દર વખતે હારી જાય છે. હવે હારના કારણોની શોધખોળ શરુ થઈ જાય છે. પોતાના વાસી એંઠવાડ જેવા તર્કહીન જ્ઞાન દ્વારા એકબાજુની હારનું જસ્ટિફીકેશન અને બીજી બાજુની જીતનું ગેરવાજબીપણું સાબિત કરવાની વાંઝણી મથામણો આ જંતુઓ કર્યા કરશે. એ એમની દુકાન છે. એમના માટે વધુ દુઃખદ બાબત એ છે કે એમના નેરેટીવ હવે જનતાની વચ્ચે પ્રસ્થાપિત થઈ શકતા નથી.

આ પરિણામોના કારણો સ્પષ્ટ છે, સતત અને અતિશયોક્ત મુસ્લિમ તૃષ્ટિકરણ અને હિંદુ અને હિન્દુત્વથી નફરત. તમિલનાડુમાં સનાતનને ડેન્ગ્યું અને મલેરિયા સાથે સરખાવીને મિટાવી દેવાની વાતો કરનાર ડીએમકે અને હદબહારનું મુસ્લિમ તૃષ્ટિકરણ કરનાર મમતા બેનર્જીને જનતાએ તેમની જગ્યા બતાવી દીધી છે. દેશમાં મુસ્લિમ તુષ્ટિકરણવાદી સેક્યુલર વોટબેંક રાજનીતિનો મૃત્યુઘંટ પણ વાગી ચુક્યો છે. દેશના દરેક રાજકીય પક્ષોએ એ સમજી લેવાની જરૂર છે કે હિંદુ આ દેશમાં ખાસ્સી મોટી બહુમતીમાં છે અને હવે આવનારા સમયમાં હિન્દુત્વની સામેની ધરી પર રહીને સરકારો લાંબા સમય સુધી ચલાવવી શક્ય નહિ બને. હવે હિંદુઓને અવગણીને કે હિન્દુત્વને ગાળો બોલીને દેશના કોઈપણ રાજકીય પક્ષને રાજનીતિક સફળતા કોઈને મળી શકે નહીં. આ એક ભાવનાત્મક આંદોલન છે.

બંગાળની પ્રજાનું ખમીર, શિક્ષા જોતા આગામી સમયમાં એ હિન્દુત્વની બીજી લેબોરેટરી બની શકે છે. જો ભાજપ સરકારના પ્રયત્નો અને ઉદ્દેશો રહ્યા તો બંગાળ ગુજરાતની તરજ પર પ્રગતિ કરી જવા માટે પણ સક્ષમ છે. જેમ ગુજરાતને નરેન્દ્ર મોદી જેવું નેતૃત્વ લાંબો સમય મળ્યું તેમ બંગાળમાં સંભવ થાય તો બંગાળ બીજું ગુજરાત બની શકે છે.

ક્વિક નોટ - કોંગ્રેસે આસામ વિધાનસભા ચૂંટણીમાં ૨૦ મુસ્લિમ ઉમેદવારો ઉભા રાખ્યા હતા જેમાંથી ૧૮ ઉમેદવારની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસે ઉભા રાખેલા ૭૯ બિનમુસ્લિમ ઉમેદવારોમાંથી માત્ર એક જ ઉમેદવારની જીત થઈ છે. AIUDF ના મૌલાના બદરૂદ્દીન અજમલે કોંગ્રેસને નવી મુસ્લિમ લીગ ગણાવી છે. ■ production@infiniumpharmachem.com

# સાહેબ..! સત્તાનું બળ કેવું હોય છે ?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) ભગવાન માણસને કપાળ પર નામ લખીને જ મોકલતા હોય તો?

દર્શન પટેલ (વડોદરા)

પેલા એવું વિચારેલું પણ પરસેવામાં નામ ભૂંસાઈ જાય છે. એટલે આખો પ્રોજેક્ટ પડતો મૂક્યો.

(૨)કેટલી ઉંમર સુધી ઠેકડા મરાય?

રામભાઈ પટેલ (સુરત)

ગામ ઠેકડી ન કરે ત્યાં સુધી.

(૩)દવાખાને બતાવવા જઈએ છીએ ત્યારે ડોક્ટર કેમ પૂછે છે કે શું થાય છે. ?

જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)

એમ પૂછવાના એને પૈસા મળે છે.

(૪) બેંકમાંથી તો નોટો સીધી આવે છે તો નોટોને વાળવાનું કામ કોણ કરતું હશે?

હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)

નોટો જાતે જ એક હાથમાંથી બીજા હાથમાં ફરી ફરી ને ગોટો વળી જાય છે.

(૫)ચમચાગીરી ક્યારે કરાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા )

અત્યારે જ ચાલુ કરી દો. ત્યાં કેનેડામાં ચમચાગીરી એટલે શું એ કોને ખબર પડવાની!

(૬)સાહેબ..! શું લેખકોમાં હવે કેરિયર છે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

સાઈકલ પણ નથી.

(૭)વેકેશનમાં મમ્મી અને છોકરા મામાને ઘરે રહેવા જાય તો પપ્પાને ક્યાં જવાય?

કમલેશભાઈ મકવાણા (બોડેલી)

છોકરાંના મામાને ઘરે.

(૮)આ ટ્રમ્પ અને ખામનેઈનું સમાધાન કરવા તમારે અમને સાથે લઈને ત્યાં જવું જોઈએ કે નહિ ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

સમાધાન માટે જવાનું છે કે થયેલું સમાધાન તોડવા માટે?

(૯)સાહેબ..! સત્તાનું બળ કેવું હોય છે?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

તમને હું એકેય બાજુથી ગ્રામ પંચાયતનો ચૂંટાયેલો સભ્ય લાગુ છું?!

(૧૦)કાલ ક્યારે આવશે?

બાલુભાઈ કિકાણી (લીલિયા મોટા)

આજ જાય પછી.

(૧૧)જમતી વખતે નવા જમાઈના ગળામાં રીંગણાનું ગરમ ફોડવું અટકાઈ જાય તો જમાઈએ શું કરવું જોઈએ ?

કનુભાઈ પરમાર (દામનગર)

જૂના જમાઈને પકડ લઈ ને ફોડવું પકડવા મોકલવો.

(૧૨)પરણેલી સ્ત્રી સિંગાર કરે છે તો પુરુષ?

કટારીયા આશા હિમ્મતભાઈ(કીડી)

એ કાઈ ન કરે તો પણ ખબર પડી જાય છે કે એ પરણેલો છે.

(૧૩)આવા ધોમ તાપમાં વરના ઘોડાનો શું વાંક?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

વાંક તો વરના જોડાનો પણ નથી હોતો તોય એની ખેંચાખેંચી થાય છેને!

(૧૪)બંગાળના ચૂંટણી પરિણામો વિશે શું કહેશો?

જય દવે (ભાવનગર)

ઘણુંય કહીશ. પેલા મારી આગળ માઈક મૂકો.

(૧૫)દર વખતે પ્રશ્ન કરનારનું સન્માન કરવા માગો છો?

અશોકભાઈ જોશી (લીલીયા મોટા)

હા, તમે પુરસ્કાર અને જમણવારમાં દાતા બની જાઓ તો વિચારીએ. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# પ્રેમનો આરંભ કે અંત હોતો નથી....!



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

ખરો નિયમ એ છે કે દિવસના બાર કલાકમાંથી એક કલાક અને રાતના બાર કલાકમાંથી એક એમ પ્રતિ એક આખા દિવસમાં બે કલાક તો મનુષ્યે પોતાની જાત સાથે વીતાવવા જોઈએ. એનાથી અંતઃકરણ વિશુધ્ધ રહે છે અને સાંસારિક ઘટનાક્રમોમાં એ અંતઃકરણ જરાક ડહોળાયું હોય તો ફરી આછરીને નિર્મળ બને છે. માનવ હૃદય અખંડ પ્રવૃત્ત હોય એટલે એને સંવેદનાત્મક વિરામની જરૂર પડે. આપણી પોતાની કેટલીક પ્રવૃત્તિઓથીય હૃદય અસંમત હોય છે. હૃદય જેને ન્યાયિક ન ઠરાવે એવા તમામ વિચાર કે કાર્ય સૂક્ષ્મ અપરાધ છે, આયુર્વેદમાં એને માટે પ્રજ્ઞાપરાધનું એક અલગ પ્રકરણ છે.

એક સમયે લોકો ગામના તળાવની પાળે ચાલવા જતા. નદી કાંઠે કાંઠે વિહાર કરતા. હજુ હમણાં સુધી શાળાના શિક્ષકો દરરોજ સાંજે ગામની બહાર વગડામાંથી વહી જતી કેડીએ લટાર મારવા જતા અને વાતો કરતાં-કરતાં પાછા ફરતાં. ક્યારેક એમાં વિદ્યાર્થીઓ પણ હોય. પરંતુ હવે તો એ દ્રશ્યો પણ દેખાતા નથી. કારણ કે મોટા ભાગના શિક્ષકો શહેરમાં રહે છે અને ગામડે ભણાવવા આવે છે. એટલે વિદ્યાર્થીઓને પણ એમ જ થાય છે કે હા ગામ તો રહેવા જેવા છે નહીં. આપણે પણ મોટા થઈને સાહેબ રહે છે એવા શહેરમાં રહેવા જવું છે. શિક્ષકોની અપડાઉન પરંપરાએ વિદ્યાર્થીઓના મનનું પ્રોગ્રામિંગ બદલી નાખ્યું છે. સાંજે વિદ્યાર્થીઓ ઘર તરફ જાય ત્યારે શિક્ષકો શહેર તરફ દોટ મૂકતા હોય છે, જાણે કે કોઈ હિંસક પશુ પાછળ ન પડ્યું હોય !

દરેક ગામને કાંઠે એક તળાવ તો હોય જ. પશુપાલક ખેડૂતો ઉનાળામાં એ તળાવમાંથી તળિયે બેસી ગયેલો કાંપ ખાતર તરીકે લઈ આવતા અને એથી એ તળાવો નિયમિત રીતે ઊંડા થતા જતા. હવે તો પચાસ ગામ વચ્ચે એક ગામમાં તળાવ હોય તો હોય ! જ્યારે તળાવ છલોછલ રહેતા ત્યારે એના કાંઠે પણ સમી સાંજે ફરવા જવાની એક મજા હતી. મનુષ્ય જેટલો પ્રકૃતિની નજીક રહે એટલો એની વાણીને વિશ્રામ મળે. કુદરતની નજીક જેઓ હોય છે તે ઓછામાં ઓછું બોલે છે. ધ્યાનથી જુઓ તો ખ્યાલ આવશે કે જેઓ પ્રકૃતિથી વધુમાં વધુ દૂર હોય છે, તેઓ બહુ બક્વાસ કરતા હોય છે. કુદરત સાથે જેના અંતઃકરણનું અનુસંધાન છે એમને વ્યર્થ વાણીવિલાસમાં રસ હોતો નથી.

**સ્વની ઓળખ વિના પ્રેમ ક્યાં ? બધું જ ‘નથી’ માંથી ‘છે’માં રૂપાંતર કરવાના મોહમાં સ્વયંની હયાતીનો બહુ લોપ થઈ ગયો છે.**

બહુ અનિવાર્ય હોય તો જ તેઓ થોડુંક બોલે, ફરી પાછા ચૂપ. ફરી થોડું બોલે અને વળી ચૂપ. આ એક બહુ અઘરી કળા છે અને શીખવા જેવી છે. કારણ કે જેના મનનું મર્કટ કૂદાકૂદ ન કરતું હોય તેમની જ લૂલી લંગડાતી ન હોય. જેઓ સદાય મનને કોઈ ને કોઈ ડાળીએ વડવાંગડાની જેમ વળગાડી રાખે છે એને મુક્તિ અપાવવા માટે એક-એક કલાકનું નિષ્કામ એકાંત જરૂરી છે. દરેક પાસે પોતાનું આવું એક હૈયાઉટક ટાણું હોવું જોઈએ. ગ્રામ વિસ્તારોમાં મંદિર, મઢી કે કોઈ અલગારી સાધુઓની જગ્યા પણ રહેતી. સાંજની આરતી પહેલા સહુ ત્યાં જઈને ટોળે વળતા તો કોઈ વળી ધુન પણ બોલાવતા. એવા એ મંદિરો કે ગામકાંઠાના આશ્રમો હવે સૂમસામ પડ્યા છે. હવે ત્યાં જનારું કોઈ નથી. આ કોઈ આતમખોજ નથી. પણ રોજની નાનકડી યઝા છે. એક એવી મઝા જે બીજી અનેક મઝાની ઓળખાણ કરાવશે. હયાતીના ઉત્સવની શરૂઆત થશે. બધું જ ‘નથી’ માંથી ‘છે’માં રૂપાંતર કરવાના મોહમાં સ્વયંની હયાતીનો બહુ લોપ થઈ ગયો છે. સ્વની ઓળખ વિના પ્રેમ પદારથની ઓળખ ક્યાંથી થાય? પ્રેમનો આરંભ અને અંત હોતો નથી. એ તો એક વર્તુળ છે જે પોતાનામાં સદાકાળ વિલસે છે. ■

# મોડી રાતે દામાની આંખો અનેક સપનાંઓ સાથે માંડ માંડ બંધ થઈ



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

“તું અહીંથી બહાર નીકળ્યો ને દસેક મિનિટમાં જ રણમલ આવ્યો...’’ બા ઊભા થઈને બોલ્યાં : “એ તો એમ જ મને મળવા આવ્યો હતો. પરંતુ મેં તેને કહ્યું કે નિરાંતે બેસ, દામો પણ આવ્યો છે. એટલે તે તો તારી વાટ જોઈને હિંડોળા પર બેસી રહ્યો. જો ને, તું કલાક પછી હવે આવ્યો...’’

“તમે સાચા છો બા..., પરંતુ મને થોડી ખબર હોય કે રણમલ પણ હમણાં જ આવ્યો હશે ? જો એવી ખબર હોય તો હું ઘરમાંથી બહાર જ ન નીકળું, બરાબર ને...?’’ દામલે કહ્યું.

“બા, મારે આ પીવી છે. આજે સાવ શાંતિ છે ને નિરાંત પણ છે, હવે હા, આ પીધા પછી અમે બંને દોસ્તાર નિરાંતે વાતો કરીશું...’’ રણમલે બા સામે જોતાં આવું કહ્યું.

“તું મારા ઘરે આવે અને હું તને ચા ન પાઉં... એવું કોઈ દિવસ બન્યું છે? ચાલ હમણાં જ ચા લઈને આવું છું, બસ...’’ આમ કહી બા તો તરત જ રસોડા તરફ ચાલ્યાં.

બા થોડા દૂર થયાં ત્યાં તો તરત જ રણમલે દામાને પૂછ્યું :

“દામા..., આમ એકાએક તારે અહીં આવવાનું કેમ થયું ? સમય તો સારો છે ને...?’’

“તને ખબર ન હોય, ક્યાંથી ખબર હોય ? જો ને બા...ની તબિયત હમણાં હમણાં નરમ-ગરમ રહે છે. બાની ખબર લેવા હું આવ્યો છું...’’ દામાએ કહ્યું.

“લે..., મને તો ખબર ઈ નથી, વળી બા ને જોતાં તેઓ બીમાર હોય તેવું મને લાગતું પણ નથી...’’ રણમલે વાત કરી.

“એ તો બાની સહનશક્તિ છે. તેનું મનોબળ ખૂબ જ મજબૂત છે, એટલે તો તેને જોતાં તને ખબર ન પડી. પરંતુ બા ને હમણાં હમણાં અચાનક જ ચક્કર આવે છે, શરીરમાં ખૂબ કળતર રહે, એકદમ શ્વાસ વધે-ઘટે, થાક અસહ્ય લાગે ને ક્યારેક ક્યારેક ઉલટી પણ થાય છે. છતાં પણ આ ઉંમરે તેઓ ઘરનું બધું જ કામ જાતે કરતાં રહે છે. તેનો સ્વભાવ જ એવો છે...’’ દામાએ વિગતે વાત કરી.

“તો પછી આવું બધું હોય તો તું બાને આભરવેલી લઈ જા...’’

“ત્યાં આવવાની તેઓ ના પાડે છે.’’

“ના... શું કામ પાડે ?’’

“વર્ષોથી અહીં આ ઘરમાં તેઓ રહે છે એટલે મારે ત્યાં તેમને ગોઠતું નથી. અને પરાણે હું ત્યાં લઈ જવામાં માનતો નથી. મારે તો બસ તેઓ હંમેશા ખુશ રહે એ જ જોવાનું, સારું કર્યુ ને મેં...’’

“સારું..., હવે એ તો કહે... બીજું શું ચાલે છે ?’’

“બસ..., બધું બરાબર છે. અરે યાર ! હા... યાદ આવ્યું : મારા ઘરે પેલા મહેશને તે જ મોકલ્યો હતો ને...?’’

“હા મિત્ર ! મેં જ તેને તારી પાસે મોકલેલો, સાથે એક પત્ર પણ મેં આપેલો તે વાંચ્યો તો છે ને...?’’ રણમલે પૂછ્યું.

“હા, તારો પત્ર મળ્યો... મેં વાંચી લીધો છે. મહેશને રહેવા તથા જમવાની વ્યવસ્થા પણ મેં કરી આપી છે. એ તો મને સર... સર... સર... એમ જ કહ્યા કરે છે...’’ દામાએ જવાબમાં કહ્યું.

“એ મહેશ આમ તો ખૂબ જ હોંશિયાર છોકરો છે, વળી વાણી અને વર્તનમાં’’ પણ ખૂબ જ ચાલાક અને સાવ ચોખ્ખો છે. એવું હતું એટલે જ તો મેં તેને તારી ભલામણ કરી...’’

“એમાં શું... તે સારું જ કર્યુ. હવે બોલ, બીજું બધું શું ચાલે છે?’’ - દામાએ પણ સામે પૂછ્યું.

“બસ... કંઈ નહીં. પરંતુ આ મામલતદાર ઓફિસની નોકરી જરાય સારી નહીં. બસ કામ... કામ... ને કામ, રાત-દિવસ એ જ ચિંતા. કામ તો કદી ખૂટતું જ નથી...’’ રણમલે નિરાશ થતાં કહ્યું, એટલે તરત જ દામાએ વ્યંગમાં બોલી દીધું :

“જ્યારે બેકાર હતો, સરકારી નોકરી મળતી નહોતી ત્યારે તો તું માતાજીની આખરી માનતા રાખતો હતો તે તો યાદ છે ને ? અને હવે નોકરી મળી ગઈ એટલે તું કહે છે કે, આ નોકરી સારી નથી, અરે વાલા... સરકારી નોકરી બધે જ આવી હોય છે. કાગડા તો બધે જ કાળા હોય છે, સમજ્યો...?’’


“એવું નથી..., આમ જો તો તમારે માસ્તરોને તો સાવ શાંતિ હોય છે. સ્કૂલે જવાનું ને છ કલાક પૂરી થાય એટલે તમામ જવાબદારી જાણે પૂરી, પછી ચેનથી સાવ શાંતિથી ઘરે આરામ કરવાનો...’’ રણમલે વાત કરી.

“તું સાવ એવું ન સમજતો. સમાજમાં આ કહેવાતા માસ્તરોને પણ ઘણી જ જવાબદારીઓ સરકારે આપી છે. ફક્ત બાળકોને ભણાવવાનું જ કામ નથી. વસ્તી ગણતરીના સમયે તો અમે પણ ક્યાંયના નથી રહેતા, ઘર ઘર ભટકવું પડે છે. અને હા, ચૂંટણી ટાણે તો આ માસ્તરોનો મરો જ સમજે. ન ઘરના કે ન ઘાટના એવી સ્થિતિ અમારી હોય છે, સમજ્યો...?’’ - દામાએ સાચી વાત કરી.

“પરંતુ એ તો ક્યારેક ક્યારેક જ આવું કામ તમારે કરવાનું આવે, રોજ રોજ ચૂંટણી થોડી આવે છે ? અને વસ્તી ગણતરી પણ પાંચ વર્ષે જ કરવાની આવે છે.’’

(ક્રમશઃ) ■

# આનંદને અત્યારે બધું યાદ આવી ગયું



## રાગ - વૈરાગ - ૨૨

‘મળી શું ક્યારેક, એવા એંધાણે...ને, એવા જનમ જનમના સંબંધે આવતે ભવ..!!બોલ્યું ચાલ્યું માફ કરજો અને ક્યારેક યાદ કરજો... કરતાં કરતા..વલવલતા બન્ને હૈયા. દૂર.. દૂર...દૂર થઈ ગયા.( આ ઘટનાને પચ્ચીસ પચ્ચીસ વર્ષના વહાણા વાઈ ગયા છે. જાણે એક યુગ પસાર થઈ ગયો છે. આ દરમિયાન મને -કમને બંને માં બાપની લાગણીને ખાતર પરણ્યા તો છે.પણ એકબીજાને એક પળ પણ ભૂલ્યા નથી. કે ક્યારેય એકબીજા મળ્યા નથી.પણ એ ક્યાં હશે? એ શું કરતી હશે? શું કરતો હશે? એ પોતાના જીવનમાં સુખી તો હશે ને? કે પછી...એવા કેટલાય સવાલો બંનેને પજવી રહ્યા હતા.. મન તો દોડીને એની પાસે પહોંચી જવા આકુળવ્યાકુળ છે.પણ અસલી જિંદગીમાં તેની સાથે જોડાયેલા પાત્રને ખબર પડશે તો જીવતરમાં ઉથલપાથલ થઈ જશે.એક તોફાન આવશે ,એક આંધી આવશે એવા ડર ને કારણે મળી શક્યા નથી. અને પચ્ચીસ વરસના અંતરાલ પછી... આનંદ અને રૂપા બંને જણા કઈ રીતે મળે છે.તે કુદરતની લીલાને આગળ નિહાળીએ)

જગ ઉજાવણહાર સૂરજ-દાદાએ ઊગીને હરદ્વારની ભૂમિ ઉપર ડોકિયું કર્યું અને તેમનાં કેસરીયાળાં કિરણોએ, વહેતી જતી ગંગામૈયાના બે કાંઠે પૂરપાટ વહેતા પવિત્ર પ્રવાહમાં ડોકિયું કરીને પછી પોતાના તનમન પવિત્ર કરી લીધા. જાણે સૂરજદાદા ગંગા મૈયાના પ્રવાહમાં એક ડૂબકી મારીને પાછાં આકાશમાં જતા રહ્યાં.ગંગામૈયાનો કાંઠો જાણે સૂરજદાદાના આગમનથી ઝળાહળા થઈ ઉઠયો.

કલકલ કરતા અને ધીમું ધીમું ગૂંજન જેવુ ગર્જન કરતા ગંગામૈયાનાં નાદથી ગંગાને કાંઠેથી થોડે જ દૂર ઊભેલી કચ્છી સમાજની ધર્મશાળામાં સૂતેલા આનંદની આંખ ઉઘડી ગઈ. તો કાનમાં દર્શનાર્થીઓનાં યાત્રાળુઓનાં, ધર્મશાળામાં ઉતરેલા અને બહાર જતાં આવતાં લોકોનો કલબલાટ કાને પડ્યો. તે ચમકીને ઊભો થઈ ગયો. તો ભાવિકો “હર... હર... ગંગે...’’ “હર હર ગંગે.’’ “જય મા ગંગા...’’ “જય ગંગામૈયા’’નો પવિત્ર જયઘોષ કરી રહ્યા હતા.

આંખે ચશ્મા ચડાવી પડખે રહેલી ટિપોય ઉપર પડેલી કાંડા ઘડિયાળમાં જોયું તો ‘અરે. આઠ વાગી ગયા કે શું? અરે... બહુ મોડું થઈ ગયું...’ એ બબડી ઉઠયો.

અર્ધખુલ્લી બારીમાંથી તે ગંગાનદીને તાકી રહ્યો. હૈયું પુલકિત થઈ ઉઠ્યું. કેટલા વરસોથી આવવું આવવું કરતો હતો પણ આમને આમ જીવતરની જાતરા છેક અડધે રસ્તે સુધી પહોંચી ગઈ છતા અંજળ નહોતું આવ્યું..! આમને આમ પચાસ વરસ, પૂરા થઈ ગયા, ને હવે ગયા મહિનાની અઢારમી તારીખે પોતે ‘વન’ માં પ્રવેશ કર્યો હતો.એ મનોમન હસ્યો : ‘વન પ્રવેશ..! જ્યાં મોર, પોપટ ને કોયલ હવે ટહુકવાના હતા. વનમાં તો એવું જ ને? પણ બીજી જ પળે તેનાં સૂકકાં વેરાન વગડા અને ધગધગતા રણ જેવા હૈયામાંથી ફળફળતો નિઃશ્વાસ સરી પડ્યો.

‘અરે...જ્યાં કદિ કોઈ દિવસ વસંત કે બહાર આવી જ નથી, જ્યાં ઠૂંઠું થઈ ગયેલી લાગણીઓ છે, જ્યાં પોતાના સપનાં ચૂલાની રાખ થઈને જીવતરના આંગણામાં ઉડયા કરે છે, ત્યાં હવે મોર પોપટ બોલે તો શું બોલે?-રાખ બોલે?ઝાડવું હવે નંખાઈ ગયું હોય, પડું પડું થઈ ગયું હોય, ઠૂંઠું બની ગયું હોય એવા ઝાડ ઉપર કોયલ બોલે તો એ ગીત, ગીત ન હોય પણ જીંદગીનાં મરશિયા જ હોય! અને એવા ઠૂંઠા ને તમે ગમે એવા ને ગમે એટલા ખાતર નાંખો, પાણી પીવડાવો તોય પણ એની ઉપર કદી કૂંપળ ફૂટવાની જ નથી! અરે ! જયાં સંવેદનાઓ જ વસુકી ગઈ હોય એવી ખોટી પડી ગયેલી રગમાં લાગણીનાં ગમે એટલા ઈન્જેક્શન આપો તોય એ સંવેદનાઓ કે જે મૃત્યુ પામી ગઈ છે એ ઉર્મિઓ પુનઃજીવિત બની શકવાની નથી. અને પૂજા એમ કહે છે કે પપ્પા! તમે....

- અચાનક પૂજા યાદ આવી ગઈ. વહેલી સવારે ચાર વાગ્યે તેની બહેનપણીઓ અને ફ્રેન્ડઝ સાથે મસૂરી જવા નીકળી ગઈ હતી. જતાં જતાં બારણું બંધ કરાવતી ગઈ હતી. એ પહેલાં, પોતાને ખૂબ જ આગ્રહ કરી રહી હતી કે પપ્પા, તમે પણ ચાલોને... મજા આવશે !

- એકવાર મસૂરી જુઓ. એકવાર મસૂરીનો નયનરમ્ય નઝારો માણો ! બસ એકવાર પપ્પા...

એણે હસીને ના પાડી હતી. ના દીકરા, હવે એ બધું...અને આ ઉંમરે??

“શું પપ્પા તમેય પણ? એ છણકો કરી બેઠી હતી. ,’’ આ ઉંમર એટલે કેવી ઉંમર? તમને પચાસ થયા છે ખાલી! તમે કાંઈ વૃધ્ધ નથી થઈ ગયા! પણ ના, ઉંમરની ગાંઠ ઉપર ગાંઠ મનમાં ને મનમાં વાળતા જ જાવ છો. ઉંમર થઈ ગઈ છે મને ઉંમર થઈ ગઈ છે. શું ધૂળ ઉંમર થઈ ગઈ છે? એ મનમાં ને મનમાં મલકાતો રહેતો. અને એ ગુસ્સે થઈ ગઈ:

- ઉંમર શરીરને ત્યારે જ લાગે છે. જયારે તમે નક્કી કરી લો છો કે મને ઉંમર થઈ ગઈ છે. સમજ્યા?

એના છણકા માળાના મણકા જેવા હતા. એક પછી એક ફરતા રહેતા. એ અવારનવાર આનંદને કહેતી : “ઉંમર ઉંમર કરીને તમે પોતે જ તમારા જીવનને કૃશ, નિરૂત્સાહી અને ખંડેર જેવું બનાવી દીધું છે! અરે, હજી તમારી ઉંમર ક્યાં થઈ જ છે? પચાસ વર્ષે તો માણસ નવેસરથી જીંદગી જીવતા શીખતો હોય છે. તમે મહાન પુરૂષો, રમતવીરો, ક્રિકેટરો અને એવી મહાન હસ્તિ-વિભૂતિઓનાં જીવનચરિત્રો વાંચો, કે એ લોકો એ પચાસ વર્ષે તો લાઈફની બીજી ઈનિંગ્સ રમવાની શરૂ કરી છે. અને તમે? ... ઉફ્ફ્ફ ! પપ્પા... પપ્પા... તમને પપ્પા! એક વાત કહુ?

‘હા બોલ.’

‘પપ્પા, તમે પપ્પા તરીકે બેસ્ટ છો. અનબીટન છો. પણ તમારામાંથી કંઈક શીખવું હોય કે તમારામાં થી કશું પણ ઈન્સ્પાયર કરવા જેવું હોય તો એવી વ્યક્તિ તરીકે જીરો છો.’

જવાબમાં એ હસતો,‘ હવે મારે કશું શીખવું નથી. ફૂલસ્ટોપ જીંદગી જીવુ છું અને ખર્યું પાન છું. બેટા! અભિપ્સાઓ કોઈ રહી નથી. બસ એક માત્ર ઈચ્છા છે, એક બાપના અરમાન છે કે મારી દીકરીને સમજી શકે એવો પતિ- એક પુરૂષ મળી જાય પછી બીજી જ ક્ષણે મને બોલાવી લે, તો પણ હું મોક્ષ જ પામીશ.’

‘વ્હોટ રબીશ..’ એ ગુસ્સે થઈ જતી. અને પગ પછાડતી બહાર નીકળી જતી.અહીં તેને ખેંચી લાવવાનું મહાભિનિષ્ક્રમણ પણ તેણે જ આદરેલું!

આમ તો છેલ્લા ત્રણ વર્ષથી તેને આવવું હતું. પણ યેનકેન પ્રકારણે આવી શકાતું નહોતું. ઘણી બધીવાર એમ થઈ પણ જતું કે આ બધું જ છોડીને હરીદ્વારની ગાડીમાં બેસી જાઉ પણ પોતે કેન્દ્રવર્તી શાળાનો આચાર્ય હતો અને હાથનીચે પંદર શિક્ષકોનો સ્ટાફ હતો. વળી, સરકારની કેટલીયે કામગીરી શિક્ષકોને સોંપાતી હતી અને એમાં ના પાડવાથી કે છટકી જવાથી નોકરીમાં કંઈ કેટલાય સવાલ ઊભા થતા હતા પણ આ વખતે પૂજાએ માંદગી સબબની રજા જ લેવડાવી દીધી હતી. હમણાંથી પંદરેક દિવસથી તાવ આવતો હતો. અને એમાંથી કમળાની અસર બહુ તીવ્રપણે થઈ હતી. પૂજા તેને ડૉ. પરીખ પાસે લઈ ગઈ હતી અને પછી એક મહીનાનું સીક લીવ સર્ટીફિકેટ લખાવડાવી લીધું હતું.

ડૉ. પરીખે હસી પડતાં કહેલું કે બેટા, તારા પપ્પાને એટલી બધી રજાની જરૂર નથી ત્યારે તેણે ડૉક્ટરને કહેલું કે સર, મારા પપ્પાને...કમળાની દવાની જરૂર નહીં પણ સારી મનો ચિકિત્સાની જરૂર છે.... અને પછી આખી હિસ્ટરી ખોલી નાખી હતી. કહ્યું હતું કે સર, લાઈફની અડધી નવલકથા તેમની પૂરી થઈ ગઈ છે છતાં પણ તેમણે હરીદ્વાર રેલ્વે સ્ટેશનનું પાટીયું પણ નથી જોયું. ડિપ્રેશન ,ઉદાસી તેમને દિનપ્રતિદિન નિરાશાની ઊંડી ખાઈમાં ધકેલી રહ્યા છે. એટલે પ્લીઝ, જો તમે સીક લીવ સર્ટી આપો તો જ આ મારા બાપ નોકરીની જવાબદારીની જળોજથ્થા મૂકીને આવે. હું એમને પુરો એક મહીનો બધે ફેરવવા લઈ જવાની છું. હરિદ્વાર, મસુરી, નૈનિતાલ, સીમલા. બધું જ બતાવી દેવું છે.’’ ડૉ. પરીખ તેની સામે હસતા હસતા તાકી રહ્યા હતા કે અચાનક તેણીની આંખોમાં ભીનાશ તરવરી ઉઠી.:આમ તો હું છું ત્યાં સુધી જ ને...પછી તો...!

★★

આનંદને અત્યારે બધું યાદ આવી ગયું. અને આનંદની આંખોમાં પણ ભેજ છવાઈ ગયો. દીકરો ભલે ન આપ્યો પણ સાત દીકરાની માટી ભાંગીને ભગવાને એક દીકરી ઘડી. અને એ મારા ખોબામાં આપી છે!!

એણે રૂમના બારણા પ્રતિ જોયું. વહેલી સવારે ગઈ ત્યારેય ઘણાં ધમપછાડા કરીને ગઈ હતી. પણ આનંદે શાંતિથી દીકરીનાં માથામાં વ્હાલપથી હાથ ફેરવતાં કહ્યું હતું કે બેટા, હું તારી ઈમોશન્સ, તારી લાગણી, તારો પ્રેમ, તારા લાડને સમજું છું પણ તમે લોકો હમઉમ્ર છો. બધા જ મિત્રો વીસ-બાવીસ-પચ્ચીસ વર્ષના પરિધમાંથી પસાર થઈ રહ્યા છો અને તમારી વચ્ચે એક માત્ર હું! તને ખબર ન હોય, પણ જે એન્જોય તારા મિત્રો સાથે તું એકલી હોઈશ ને તું કરી શકીશ એવો એન્જોય ,એટલો આનંદ, કે એટલો એવો એન્જોય મારી હાજરીમાં નહીં તું કરી શકે, કે નહીં તારા મિત્રો કરી શકે.! તારે મન હું તારા પપ્પા છું. અને મને ખ્યાલ છે, કે તારો પપ્પો તારો દોસ્ત પણ છે. પણ તારા મિત્રો છે, એ હજી મારા દિલ સુધી નથી પહોંચ્યા. અને એને માટે હું એક વડીલ છું. એટલે બેટર એ છે કે તું જા, ખુશીથી જા, અને આનંદથી જા...!જ્યારે તું ફરીને આવીશ ત્યારે કેમેરામાં લીધેલા ફોટા તું મને બતાવીશ, એની કોમેન્ટ્રી આપીશ, વાતો કરીશ ત્યારે મને એમ જ થશે કે હું તારી સાથે જ હતો બસ?

-એ બાર્બી ડોલ હતી.ભલે બાવીસની હતી. પણ ફોસલાવીને સમજાવવી પડે એમ હતી. એટલે મને-કમને પણ માની.‘ પણ એ મા પણ હતી. દીકરી પણ હતી. એ પૂજાનું ફૂલ હતી. જેના આગમનથી આનંદની સૃષ્ટિ, આનંદની દુનિયા મહેંકી ઉઠતી હતી! એ છતા એ જતી વખતે છણકો કરીને જ ગઈ. દાઢી ખેંચીને ગઈઃ નાના છોકરા જેવા જ અનાડી છો પપ્પા ! તમને નહી જ પહોંચાય... અને લાંબુ ચૌડુ ભાષણ આપીને ગઈ. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

## પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને જે.પી. નડ્ડા સહિતના અનેક કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા

# પ.બંગાળના મુખ્યમંત્રી તરીકે સુવેન્દુ અધિકારીએ શપથ લીધા

કોલકાત્તા,તા.૦૯

પશ્ચિમ બંગાળના રાજકીય ઈતિહાસમાં એક અભૂતપૂર્વ વળાંક આવ્યો છે, જ્યાં લાંબા સમયના વિરોધ પક્ષ બાદ ભારતીય જનતા પાર્ટીએ સત્તાના સૂત્રો સંભાળ્યા છે. કોલકાતાના ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે લાખોની જનમેદનીની હાજરીમાં સુવેન્દુ અધિકારીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. આ પ્રસંગ માત્ર એક સરકારની રચના પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ તે તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષ જૂના શાસનના અંત અને ભાજપની પૂર્ણ બહુમતીવાળી સરકારના આગમનનો ઐતિહાસિક સંકેત હતો. ભગવા કુર્તામાં સજ્જ સુવેન્દુ અધિકારીએ જ્યારે શપથ લીધા ત્યારે સમગ્ર મેદાન જય શ્રી રામના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેજ પાસે રોડ શો કરીને જનતાનું અભિવાદન ઝીલ્યું હતું, જે આ વિજયના મહત્વને પ્રસ્થાપિત કરે છે.નવી સરકારના પ્રથમ તબક્કામાં સુવેન્દુ અધિકારીની સાથે પાંચ મહત્વના મંત્રીઓએ શપથ લીધા છે, જે બંગાળના વિવિધ સામાજિક અને પ્રાદેશિક સમીકરણોને પ્રતિબિંબિત કરે છે. આ મંત્રીમંડળમાં અનુભવી નેતા દિલીપ ઘોષનો સમાવેશ કરવામાં



આવ્યો છે, જેઓ પૂર્વ પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૃષ્ઠભૂમિ ધરાવતા વરિષ્ઠ નેતા છે. મહિલા શક્તિના પ્રતીક તરીકે ફેશન ડિઝાઈનરમાંથી રાજકારણી બનેલા અગ્નિમિત્રા પોલને સ્થાન અપાયું છે. આદિવાસી સમુદાયનું પ્રતિનિધિત્વ કરવા માટે રાણીબંધના ધારાસભ્ય ખુદીરામ ટુડુ અને ઉત્તર બંગાળના મજબૂત નેતા નિશીથ પ્રામાણિકને કેબિનેટમાં સામેલ કરાયા છે. આ ઉપરાંત, માટુઆ અને રાજવંશી સમુદાયના હિતોને ધ્યાનમાં રાખીને અશોક કીર્તનિયા જેવા નેતાઓને મંત્રીપદ આપીને સરકારે સામાજિક સંતુલન જાળવવાનો સચોટ પ્રયાસ કર્યો છે.આ શપથ ગ્રહણ સમારોહમાં દેશના ટોચના નેતાઓની ઉપસ્થિતિએ તેને રાષ્ટ્રીય કક્ષાનું મહત્વ આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ બંગાળના ૯૮ વર્ષીય સૌથી વૃધ્ધ કાર્યકર માખણલાલ સરકારના ચરણસ્પર્શ કરીને કાર્યકરો પ્રત્યેના આદરનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મંચ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને જે.પી. નડ્ડા સહિતના અનેક કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સુવેન્દુ અધિકારીને ભગવો ઝભ્ભો ભેટ આપીને નવી જવાબદારી માટે અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત મહારાષ્ટ્ર, આસામ, બિહાર અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને એનડીએના ઘટક પક્ષોના નેતાઓએ પણ હાજરી આપીને બંગાળની આ નવી સરકારને મજબૂત સમર્થન જાહેર કર્યું હતું.

## મોરબી નગરપાલિકામાં બાયોમેટ્રિક હાજરી કૌભાંડમાં ૮ કર્મચારીઓ સામે ફરિયાદ


(એચ.એસ.એલ),મોરબી,તા.૯

મોરબી મહાનગરપાલિકાના વર્કશોપ વિભાગમાં ડિજિટલ બાયોમેટ્રિક મશીન સાથે ગંભીર છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં ૧૩ ગેરહાજર કર્મચારીઓની ખોટી હાજરી પૂરવા બદલ ૮ હંગામી કર્મીઓ વિરુધ્ધ એ-ડિવિઝન પોલીસ મથકે એફઆઈઆર નોંધાઈ છે. ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળાની શંકાના આધારે સીસીટીવી ફૂટેજ તપાસતા જાણવા મળ્યું કે આરોપીઓ પોતાના ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરીને અન્યની હાજરી પૂરતા હતા. આ કૌભાંડ દ્વારા પાલિકાને માત્ર બે જ દિવસમાં રૂ. ૯,૭૫૫નું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. દીપભાઈ ફળદુની ફરિયાદના આધારે પોલીસે મંદીપ ચાવડા અને વિમલ બાવળીયા સહિતના શખ્સો સામે ગુનો નોંધી આ કૌભાંડ કેટલા સમયથી ચાલતું હતું તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

## ભારે ખેંચતાણના અંતે તમિલનાડુમાં ટીવીકે માટે સત્તાના દ્વાર ખુલ્યા

ચેન્નાઈ,તા.૦૯

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ ચાલી રહેલી રાજકીય ખેંચતાણનો આખરે અંત આવ્યો હોય છે. અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયની પાર્ટી TVK માટે સત્તાના દ્વાર ખુલી ગયા છે. ચૂંટણી પરિણામોના છઠ્ઠા દિવસે VCK એ નાટ્યાત્મક વળાંક લેતા TVK ને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. VCK પ્રમુખ થોલ. થિરુમાવલવને TVK નેતા આધવ અર્જુનાને વિધિવત સમર્થન પત્ર સોંપતા રાજ્યમાં નવા રાજકીય સમીકરણો રચાયા છે. અત્યાર સુધી વિજય પાસે ૧૧૬ ધારાસભ્યોનું સંખ્યાબળ હતું પરંતુ VCK ના બે ધારાસભ્યોનો સાથ મળતા હવે આ આંકડો ૧૧૮ ના જાદુઈ આંકડાને વટાવીને ૧૧૯ પર પહોંચી ગયો છે. TVK એ ૨૩૪ બેઠકો ધરાવતી



વિધાનસભામાં સ્વબળે ૧૦૮ બેઠકો જીતી હતી જેમાં ખુદ વિજયે બે બેઠકો પર વિજય મેળવ્યો છે. સરકાર બનાવવા માટે તેમને અગાઉથી જ કોંગ્રેસના ૫ તેમજ CPI અને CPI(M) ના ૨-૨ ધારાસભ્યોનું સમર્થન પ્રાપ્ત હતું. જોકે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે બંધારણીય નિયમોને આધીન રહીને સ્પષ્ટ કર્યું હતું કે ૧૧૮ ધારાસભ્યોના લેખિત સમર્થન વિના તેઓ સરકાર બનાવવા માટે આમંત્રણ આપી શકે નહીં. આ ખેંચતાણ વચ્ચે કોંગ્રેસે પોતાના પાંચ ધારાસભ્યોને હોર્સ ટ્રેડિંગના ભયથી હૈદરાબાદ ખસેડ્યા છે.

## ટોલ વસુલો છો તો સુવિધા પણ સારી આપો: ગુજરાત હાઈકોર્ટ

**કોર્ટે હવે જિલ્લા કલેક્ટરોને પક્ષકાર બનાવી સીધી જવાબદારી નક્કી કરી**


(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૯

ગુજરાત હાઈકોર્ટે ભરૂચ-દહિસર હાઈવેની ખરાબ સ્થિતિ અંગે લાલ આંખ કરતા જણાવ્યું છે કે જો તંત્ર ટોલ વસૂલે છે તો સુવિધા આપવી પણ અનિવાર્ય છે. એનએચએઆઈએ સ્વીકાર્યું કે ગેરકાયદેસર કટ અને નબળા ડ્રેનેજને કારણે રોડ તૂટી રહ્યા છે, છતાં નક્કર કામગીરીનો અભાવ દેખાય છે. અંકલેશ્વર પટ્ટામાં ટ્રાફિક જામ અને બંધ સ્ટ્રીટ લાઈટો નાગરિકો માટે આર્થિક તેમજ માનસિક ત્રાસ સમાન છે. કોર્ટે હવે જિલ્લા કલેક્ટરોને પક્ષકાર બનાવી સીધી જવાબદારી નક્કી કરી છે, જેથી માત્ર કાગળ પર નહીં પણ મેદાન પર સુધારો જોવા મળે. જનતાના પૈસે ચાલતા આ માળખાગત પ્રોજેક્ટ્સમાં બેદરકારી ચલાવી લેવાય નહીં તેવો સ્પષ્ટ સંદેશ કોર્ટે આપ્યો છે.

## ઉનાના નવાબંદરમાં કમોસમી વાવાઝોડાથી ભારે તબાહી મચી, મકાનોના છાપરા ઉડ્યા

ઊના,તા.૦૯

ઊનાના નવાબંદર ગામે કમોસમી વાવાઝોડાથી તબાહી મચી હતી. માછીમારોના ઘરના છાપરાં ઉડ્યા હતા અને બોટો ફંગોળાઈ હતી. આ ઉપરાંત લાખો રૂપિયાની સૂકી માછલી પલળી ગઈ હતી. અચાનક બદલાયેલા વાતાવરણમાં તોફાની પવન અને કમોસમી વરસાદે વિનાશ વેર્યો હતો અને આર્થિક ફટકો પડ્યો છે.



બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને જોત જોતામાં તોફાની પવન સાથે મીની વાવાઝોડું ફૂંકાતા આખું ગામ બેહાલ બની ગયું હતું. આ ગામનો મોટાભાગનો માછીમાર સમાજ સૂકી માછલીના વ્યવસાય પર નભે છે. તોફાની પવનની તીવ્રતા એટલી ભયાનક હતી કે મચ્છીના પ્લોટ વિસ્તારમાં બનાવેલા પતરાના છાપરાં કાગળની જેમ ઉડવા લાગ્યા હતા. દરિયાકાંઠે લંગારેલી નાની-મોટી અનેક ફિશિંગ બોટો હવાના જોરદાર સુસવાટાથી ફંગોળાઈને દૂર સુધી ફેંકાઈ ગઈ હતી, જેથી બોટોને ભારે નુકસાન પહોંચ્યું છે.અનેક ઝૂંપડાના છાપરાં અને દીવાલો તૂટી પડતા પરિવારો બેઘર બની ગયા છે. ઘરવખરી પલળી ગઈ હતી.

## પંજાબના કેબીનેટ મંત્રીના નિવાસસ્થાને ઈડીના દરોડા બાદ કરાઈ ધરપકડ

ચંડીગઢ,તા.૦૯

પંજાબના રાજકારણમાં આજે એક મોટો વળાંક આવ્યો છે, જેમાં આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેબિનેટ મંત્રી સંજીવ અરોડાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ચંદીગઢ સ્થિત તેમના સરકારી નિવાસસ્થાને વહેલી સવારથી શરૂ થયેલી તપાસ કલાકો સુધી ચાલી હતી, જે અંતે તેમની અટકાયતમાં પરિણમી હતી. EDની આ કાર્યવાહી માત્ર ચંદીગઢ પૂરતી સીમિત ન રહેતા લુધિયાણા, જલંધર અને ગુરુગ્રામ જેવા શહેરોમાં પણ ફેલાઈ હતી, જ્યાં મંત્રીના પરિવાર અને તેમની કંપનીઓ સાથે સંકળાયેલા સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમગ્ર તપાસ મની લોન્ડરિંગ, ફેમા (FEMA) ના ઉલ્લંઘન અને જમીન સંબંધિત શંકાસ્પદ નાણાકીય




વ્યવહારો સાથે જોડાયેલી છે. આ ઘટનાને પગલે આમ આદમી પાર્ટી અને કેન્દ્ર સરકાર વચ્ચે શાબ્દિક યુધ્ધ છેડાયું છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ કાર્યવાહીને રાજકીય દબાણ ગણાવી ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર વ્યક્ત કર્યું કે છેલ્લા એક વર્ષમાં ત્રીજી વખત એજન્સીએ અરોડાને નિશાન બનાવ્યા છે, પરંતુ અત્યાર સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. માને વધુમાં ઉમેર્યું કે પંજાબ શહીદોની ધરતી છે અને તે આવી ડરાવવાની રાજનીતિ સામે ઝૂકશે નહીં.

## ઉત્તર પ્રદેશમાં પણ આગ્રા, જાલૌન અને મઉમાં વરસાદ સાથે કરા પડયા

# બિહારમાં વરસાદ સાથે વીજળી પડતા ૯ના મોત

પટના,તા.૦૯

ભારતના વિવિધ રાજ્યોમાં હાલ હવામાનના બે વિરોધાભાસી સ્વરૂપો જોવા મળી રહ્યા છે. ઉત્તર અને પૂર્વ ભારતના રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદે પાયમાલ સર્જી છે, જ્યારે પશ્ચિમ અને મધ્ય ભારતમાં સૂર્યદેવ આકરા મિજાજમાં જોવા મળી રહ્યા છે.



શુક્રવારનો દિવસ દેશના અનેક ભાગો માટે કુદરતી આફત જેવો રહ્યો હતો.બિહારમાં હવામાનમાં આવેલા અચાનક પલટાએ જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. પટના સહિત સાત જિલ્લાઓમાં તીવ્ર પવન સાથે થયેલા વરસાદ અને વીજળી પડવાની ઘટનાઓમાં નવ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં એકલા પટનામાં જ પાંચ લોકોના મોત નિપજ્યા છે. આ વાવાઝોડાની તીવ્રતા એટલી વધુ હતી કે ૬૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી થયા હતા. પાડોશી રાજ્ય ઉત્તર પ્રદેશમાં પણ આગ્રા, જાલૌન અને મઉમાં વરસાદ સાથે કરા પડ્યા હતા. હવામાન વિભાગે શનિવાર માટે પણ યુપીના ૧૭ જિલ્લાઓમાં વાવાઝોડા અને વીજળીનું એલર્ટ જાહેર કર્યું છે, જે સૂચવે છે કે હજુ જોખમ ટળ્યું નથી. હિમાચલ પ્રદેશના શિમલામાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી હતી.

## મહારાણા પ્રતાપ જન્મજયંતિ નિમિત્તે પીએમ મોદી સહિત રાષ્ટ્રીય નેતાઓની ભાવાંજલિ

નવીદિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મેવાડના મહાન યોધ્ધા મહારાણા પ્રતાપને તેમની જન્મજયંતિ પર ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે મહારાણા પ્રતાપને અદમ્ય સાહસ અને અતૂટ આત્મસન્માનના પ્રતીક ગણાવ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમની બહાદુરીને



બિરદાવતા કહ્યું કે તેમનું જીવન સ્વતંત્રતા અને બલિદાનનું સર્વોચ્ચ પ્રેરણાસ્ત્રોત છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમને 'હિંદુઓનો સૂર્ય' કહીને સંબોધ્યા હતા. દેવેન્દ્ર ફડણવીસ અને નીતિન ગડકરી જેવા નેતાઓએ પણ શૌર્યના આ મૂર્ત સ્વરૂપને નમન કર્યા હતા. આ તમામ મહાનુભાવોએ એક સૂરે સ્વીકાર્યું કે મહારાણા પ્રતાપનું જીવન અને તેમના સિધ્ધાંતો આવનારી પેઢીઓ માટે દેશભક્તિની જ્યોત પ્રજ્વલિત રાખવાનું કાર્ય કરશે.


**CHANGE OF NAME**

I Undersign I BHARGAV MAHESHKUMAR ADHYARU I have changed my name from BHARGAVBHAI MAHESHBHAI ADHYARU To BHARGAV MAHESHKUMAR ADHYARU (New) Now i will be known as BHARGAV MAHESHKUMAR ADHYARU (new)
Sign : BHARGAV MAHESHKUMAR ADHYARU
Address: NIL GRIV BLOCK NO B-23, K.K PARK-2, VARASADA ROAD, AT-AMRELI-365601

**CHANGE OF NAME**

I Undersign I MANDALIYA HASINABEN HANIFBHAI have changed name from MANDALIYA HASINA HANIF To I MANDALIYA HASINABEN HANIFBHAI (New) Now i will be known as I MANDALIYA HASINABEN HANIFBHAI (new)
Sign : I MANDALIYA HASINABEN HANIFBHAI
Address: FARIYAPA,LUHAR VADI NA NAKA MA, AT-AMRELI, DIST-AMRELI-365440, GUJARAT,

**CHANGE OF NAME**

I Undersign I BHAVIKA BHARGAV ADHYARU I have changed my name from BHAVIKABEN BHARGAVBHAI ADHYARU To BHAVIKA BHARGAV ADHYARU (New) Now i will be known as BHAVIKA BHARGAV ADHYARU (new)
Sign BHAVIKA BHARGAV ADHYARU
Address: NIL GRIV BLOCK NO B-23, K.K PARK-2, VARASADA ROAD, AT-AMRELI-365601

**CHANGE OF NAME**

I Undersign BHARGAV MAHESHKUMAR ADHYARU I have changed my Daughter name from HIYA BHARGAVBHAI ADHYARU To HIYA BHARGAV ADHYARU (New) Now She will be known as HIYA BHARGAV ADHYARU (new)
Sigh : BHARGAV MAHESHKUMAR ADHYARU
Address: BLOCK B-/23, NILGRIV K.K PARK-02, VARASADA ROAD, AT-AMRELI-365601



**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૯૪/૨૦૨૬

અરજદાર :- શ્રી મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયા
રહે.મેડી, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મેડી, તા.જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદારશ્રી મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયા તેઓના પુત્રી મનિષાબેન મનસુખભાઈ વઘાસીયાની જન્મ (તા.૦૨/૦૭/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૭૯/૨૦૨૬

અરજદાર :- શ્રી ખિચડીયા રસીકભાઈ હરીભાઈ
રહે.સાજીયાવદર, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.સાજીયાવદર, તા.જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામમાં અરજદાર શ્રી ખિચડીયા રસીકભાઈ હરીભાઈ તેઓના ભત્રીજો રમેશભાઈ ધનજીભાઈ ખિચડીયાની જન્મ (તા.૧૦/૦૫/૧૯૭૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# કપડવંજ પંથકમાં પારિવારિક વિખવાદમાં પરિવારે સામૂહિક આપઘાત કરતા અરેરાટી

(એચ.એસ.એલ),ખેડા,તા.૯

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ફતિયાવાદ ગામે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. એક હસતો-રમતો પરિવાર સામાન્ય ઘરકંકાસના કારણે કાળના ખપ્પરમાં હોમાઈ ગયો છે. આ દુર્ઘટનામાં પતિ, પત્ની અને તેમની બે માસૂમ બાળકીઓએ ફતિયાવાદ નહેરમાં ઝંપલાવીને સામૂહિક આત્મહત્યા



કરી લીધી છે. જ્યારે સ્થાનિક લોકોએ નહેરમાં તરતા મૃતદેહો જોયા ત્યારે પોલીસને જાણ કરવામાં આવી હતી અને તપાસમાં બહાર આવ્યું કે આ કરુણ અંજામ પાછળ પારિવારિક તકરાર જવાબદાર હતી. સૌથી વધુ વ્યથિત કરનારી બાબત એ છે કે માતા-પિતાના વિખવાદમાં બે ફૂલ જેવી બાળકીઓએ પણ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. પોલીસની પ્રાથમિક ધારણા મુજબ, સતત ચાલતા ઝઘડાથી કંટાળીને કદાચ પત્નીએ પહેલા બાળકો સાથે નહેરમાં પડતું મૂક્યું હોઈ શકે અને ત્યારબાદ પતિએ પણ આત્મઘાતી પગલું ભર્યું હોય. આતરસુંબા પોલીસે તરવૈયાઓની મદદથી ચારેય મૃતદેહો બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

# રાજ્યમાં કાળઝાળ ગરમી અને વાવાઝોડાની આગાહી કરાઈ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૯

ગુજરાતમાં ઉનાળો હવે આકરા મિજાજમાં જોવા મળી રહ્યો છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી મુજબ, ૯ મે બાદ રાજ્યમાં ગરમીનો પારો આક્રમક રીતે વધશે, જે ૪૫ ડિગ્રીને પાર કરી શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હીટવેવની પ્રબળ શક્યતા



છે, જ્યારે અમદાવાદ અને ગાંધીનગર જેવા મધ્ય ગુજરાતના શહેરોમાં પણ લૂ ફૂંકાશે. જોકે, આ ભીષણ ગરમી વચ્ચે ૧૫ મેથી વાતાવરણમાં પલટો આવવાના સંકેત છે. પવનની દિશા બદલાતા પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થશે, જેના કારણે ધૂળની ડમરીઓ સાથે પવન ફૂંકાશે. વધુમાં, મે મહિનાના અંતમાં બંગાળની ખાડી કે અરબ સાગરમાં સર્જાનારી સિસ્ટમ વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી શકે છે, જેની અસર દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળશે. વહીવટી તંત્રએ નાગરિકોને ગરમીથી બચવા અને હાઈડ્રેટેડ રહેવા ખાસ તાકીદ કરી છે.

# રાજયમાં બર્ડ ફ્લૂના ખતરાને ધ્યાને લઈ ગાંધીનગરમાં તંત્ર થયું સજ્જ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૯

રાજ્યમાં બર્ડ ફ્લૂના તોળાતા ખતરાને ધ્યાનમાં રાખીને ગાંધીનગરનું વહીવટી તંત્ર અને પશુપાલન વિભાગ સંપૂર્ણપણે સતર્ક થઈ ગયું છે. તંત્ર દ્વારા આગોતરી સાવચેતીના ભાગરૂપે ૧૮ વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે, જે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલા મરઘાં ઉછેર કેન્દ્રોમાં ઝીણવટભરી તપાસ કરી રહી છે. અત્યાર સુધી જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ




નોંધાયો નથી, જે નાગરિકો માટે રાહતના સમાચાર છે. ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસા પંથકના અનેક ગામોમાં ટીમો દ્વારા રાઉન્ડ-ધ-ક્લોક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ફાર્મ માલિકોને બાયો-સિક્યોરિટી અને સેનિટાઈઝેશનના નિયમોનું કડક પાલન કરવા તેમજ પક્ષીઓના શંકાસ્પદ મૃત્યુના કિસ્સામાં તુરંત જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

# વર્ષ ૨૦૨૪ માં રાજયમાં ૮૯૮૪ લોકોએ આપઘાત કર્યો

અમદાવાદ,તા.૯

ગુજરાતમાં આત્મહત્યાના આંકડાઓમાં જે રીતે વધારો થઈ રહ્યો છે તે અત્યંત આઘાતજનક અને ચિંતાનો વિષય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોનો તાજેતરનો અહેવાલ દર્શાવે છે કે વર્ષ ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં કુલ ૮૯૮૪ લોકોએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે જેનો અર્થ એ થાય કે રાજ્યમાં પ્રતિદિન સરેરાશ ૨૪ થી ૨૫ વ્યક્તિઓ મોતને વહાલું કરી રહી છે. આ આંકડાઓમાં પુરુષોનું પ્રમાણ ૭૧ ટકા જેટલું



ઊંચું છે જે સૂચવે છે કે આર્થિક જવાબદારીઓ અને સામાજિક અપેક્ષાઓનું દબાણ પુરુષો પર વધુ હોઈ શકે છે. ખાસ કરીને રાજકોટ જેવા વિકસિત શહેરનું આત્મહત્યાના મામલે દેશમાં બીજા ક્રમે હોવું એ ગુજરાતના સમૃધ્ધિના દાવાઓ સામે એક મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો કરે છે. આત્મહત્યા કરનારાઓમાં સૌથી વધુ ૩૫ ટકા દૈનિક મજૂરી કરનારા લોકો છે જે સાબિત કરે છે કે આર્થિક અસ્થિરતા માનસિક તણાવનું મુખ્ય કારણ છે. પારિવારિક વિખવાદ, ગંભીર બીમારીઓ અને કારકિર્દીના દબાણને કારણે ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓ પણ આ ખોટા માર્ગે પ્રેરાઈ રહ્યા છે. નિષ્ણાતોના મતે વર્તમાન સમયની ઝડપી જીવનશૈલી અને વધતી એકલતાને કારણે લોકો ડિપ્રેશનનો શિકાર બની રહ્યા છે. હવે સમય પાકી ગયો છે કે સમાજમાં માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવામાં આવે અને સંકટમાં રહેલી વ્યક્તિને યોગ્ય સમયે પૂરતું ભાવનાત્મક સમર્થન મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવે.






# ગોંડલમાં પિતાએ બે સંતાનોની હત્યા કર્યા બાદ પોતે આત્મહત્યા કરી લેતા ખળભળાટ

રાજકોટ,તા.૯

રાજકોટ જિલ્લાના ગોંડલમાં એક અત્યંત કરુણ અને હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં ૩૭ વર્ષીય કારખાનેદાર જયપાલ તોગડિયાએ પોતાના ૧૫ વર્ષના પુત્ર મિશ્ર અને ૧૦ વર્ષની પુત્રી રિવાને ગળાટૂંપો આપી મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ સમગ્ર ઘટના ગોંડલના ઘોઘાવદર રોડ પર આવેલા તેમના ગાયત્રી સિમેન્ટના કારખાનામાં બની હતી.

પિતાએ આ અંતિમ પગલું ભરતા પહેલા પોતાના ભાઈને એક વીડિયો મોકલ્યો હતો, જેમાં તેમણે જણાવ્યું હતું કે ધંધો બરાબર ન ચાલતો હોવાથી તેઓ આ નિર્ણય લઈ રહ્યા છે. નવાઈની વાત એ છે કે, તેમણે વીડિયોમાં પોતાની પર કોઈ દેણું ન હોવાનું પણ સ્પષ્ટ કર્યું હતું. મિશ્રએ તાજેતરમાં જ ધોરણ ૧૦માં ૭૦ ટકા ગુણ મેળવ્યા હતા.

પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

















